કેસ રજુ તારીખ : ૨૯/૧૦/૨૦૨૧
કેસ નોંધ્યા તારીખ : ૨૯/૧૦/૨૦૨૧
કેસ નિકાલ તારીખ: ૦૯/૦૩/૨૦૨૬
સમયગાળો : વરસ–૪ માસ–૪ દિન–૧૨

**ધ્રાંગધ્રાના મહે. ત્રીજા એડી. સેસન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**

**મુકામ – ધ્રાંગધ્રા.**

**સેસન્સ કેસ નંબર : ૨૩/૨૦૨૧**

**આંક–૯૩**

ફરીયાદી : શ્રી સરકાર

**વિરૂધ્ધ**

આરોપીઓ : ૧) રસુલભાઇ નથુભાઇ લથવાણી,
ઉં.વ.આ. ૨૩, ધંધો–મજુરી,
રહે. ગેડીયા, તા. પાટડી,
જી. સુરેન્દ્રનગર.
૨) શરીફભાઇ અલ્લારખા લથવાણી,
ઉં.વ.આ. ૨૯, ધંધો–મજુરી,
રહે. ગેડીયા, તા. પાટડી,
જી. સુરેન્દ્રનગર.

**ગુનો ::–** ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૦૭, ૩૩૩, ૩૫૩, ૫૦૪, ૫૦૬(૨), ૨૨૪, ૧૧૪, આમર્સ એકટની કલમ – ૨૫(૧)(૧–બી)એ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબ.

**વકીલશ્રીઓ ::–**
ફરીયાદ પક્ષે વિધ્વાન એ.પી.પી. શ્રી પી. બી. મકવાણા.
આરોપીઓ પક્ષે વિધ્વાન લીગલ એઇડ વકીલ શ્રી એન. ડી. સોલંકી.

**:: જજમેન્ટ ::**

**૧.** આ કામના આરોપી વિરૂધ્ધ બજાણા પોલીસ સ્ટેશનના ગુના રજી. નં. ૧૧૨૧૧૦૫૮૨૦૦૩૪૬/૨૦૨૦ થી ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૦૭, ૩૩૩, ૩૫૩, ૫૦૪, ૫૦૬(૨), ૨૨૪, ૧૧૪, આમર્સ એકટની કલમ –

૨૫(૧)(૧–બી)એ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબના ગુના દાખલ થયેલા છે.

**૨.** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ''આજરોજ તા. ૨૯/૦૭/૨૦૨૦ નાં રોજ ફરીયાદી તથા પો.કો. મયુરભાઇ અમથુભાઇ ચાવડા તથા પો.કો. અજયસિંહ ધર્મેન્દ્રસિંહ ઝાલા તથા પો.કો. નરેશભાઇ રાયમલભાઇ મેર એ રીતેના પોલીસ સ્ટાફના માણસો પો.સ.ઈ. શ્રી એમ. કે. ઇસરાણી સાહેબની સુચનાથી પ્રોહી. જુગાર ડ્રાઇવ અંગે ખાનગી વાહનમાં પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ગેડીયા ગામ નજીક હતા તે વખતે ફરીયાદીને ખાનગી રાહે હકીકત મળેલ કે મહેસાણા જીલ્લાના વોન્ટેડ આરોપી – રસુલ નથુ ડફેર તથા તેના બનેવી ઇમરાન ઉર્ફે ચમચી ઉર્ફે ભમરીયો જમાલભાઇ સીંધી (ડફેર) તથા સુરેન્દ્રનગર જીલ્લાના ગુનાઓમાં નાસતો–ફરતો આરોપી શરીફ અલ્લારખા ડફેર કે જેઓ ત્રણેય જણા રસુલ નથુ ડફેરના ડંગામાં હોવાની પાકી બાતમી હકીકત મળેલ હોય જેથી ફરીયાદી તથા સાથેના સ્ટાફના માણસો બાતમીવાળી જગ્યાએ ગેડીયા ગામના તળાવ પાસે આશરે સાંજના છ સવા છ એક વાગ્યાના અરસામાં પહોંચતા અમો પોલીસને જોઈ આ રસુલ નથુ ડફેરે તેના ડંગા પાસે પડેલ પલ્સર મોટર સાયકલ ચાલુ કરેલ અને તેની પાછળ ઇમરાન તથા શરીફ અલ્લારખા બેસી ત્રણેય જણાએ પલ્સર મોટર સાયકલ ખેતરોમાં ફુલસ્પીડમાં જવા દીધેલ જેથી અમો બધાએ પણ તેમનો પીછો કરી પાછળ પાછળ જતા થોડે દુર જતા ખેતરમાં પલ્સર મોટર સાયકલ સ્લીપ ખાઇ જતા પલ્સરમાં પાછળ બેઠેલ શરીફ અલ્લારખાએ તેમજ રસુલ નથુએ તેમના નેફામાંથી દેશી કટ્ટા કાઢી અમારી સામે તાકી બોલવા લાગેલ કે આ સગી નઇ થાય તેમ કહી જેમ ફાવે તેમ ભુંડાબોલી ગાળો દેવા લાગેલ જેથી અમોએ અમારી પાસેથી લાઠીઓ લઇ પકડવા જતા આ બંને જણા તેમની પાસેના દેશી કટ્ટા સાથે પાછા પાછા પગે અમો પોલીસ સ્ટાફ ને દેશી કટ્ટા બતાવતા બતાવતા ભાગવા લાગેલ જેથી અમો તેમની પાછળ દોડતા ઇમરાન ઉર્ફે ચમચી કે જેને મોટર સાયકલ સ્લીપ ખાઇ જતા પડી જવાથી થોડી ઇજા થયેલ હોય જેથી નજીક પહોંચતા ઇમરાને અચાનક તેના નેફામાંથી છરી કાઢી અમારી સાથેના પો.કો. મયુરભાઇ ચાવડાને

પોતાની ધરપકડ ટાળવા સારૂ જાનથી મારી નાંખવાના ઈરાદે ગળાના ભાગે છરીનો જીવલેણ ધા કરતા મયુરભાઈને આ છરીનો ધા કાન તથા તેની નીચેના ભાગે ધા લાગતા ગંભીર ઈજા થયેલ અને આ ઈમરાન તેના હાથમાની છરી ચારે બાજુ વીંઝવા લાગેલ જેથી તેને અંકુશમાં લેવા સારૂ અમો બધાએ જરૂરી બળ વાપરી ઈમરાનને પકડી લીધેલ અને તેની સાથેના રસુલ નથુ ડફેર તથા શરીર અલ્લારખા ડફેર ખેતરોમાં ભાગી ગયેલ, આ દરમ્યાન પોલીસ સ્ટેશન ખાતેથી અમારા પો.સ.ઈ. શ્રી એમ. કે. ઈસરાણી સાહેબ તથા એ. એસ.આઈ. મુળરાજસિંહ મહેન્દ્રસિંહ ચુડાસમા તથા પો.કો. સુરેશભાઈ સામંતભાઈ મુંધવા નાંઓ સરકારી વાહન સાથે આવી ગયેલ અને અમારી સાથેના પો.કો. મયુરભાઈને કાન તથા તેની નીચેના ભાગે ગંભીર જીવલેણ ઈજા થયેલ હોય જેથી અમારા પો.સ.ઈ.શ્રીની સુચનાથી હું તથા પો. કો. સુરેશભાઈ સામંતભાઈ મુંધવા પ્રાઈવેટ ફોરવ્હીલ ગાડીમાં મયુરભાઈને બેસાડી સુરેન્દ્રનગર ખાતે સારવાર માટે આવવા નીકળેલ અને ઈમરાન ઉર્ફે ચમચીને સાથેના પોલીસ સ્ટાફના માણસોને સોંપેલ અને ત્યાંથી સીધાજ અહીં સુરેન્દ્રનગર સી.યુ.શાહ મેડીકલ કોલેજ અને હોસ્પીટલ ખાતે મયુરભાઈ ને સારવારમાં લાવેલ છીએ અને ડોકટર સાહેબે મયુરભાઈની સારવાર કરી સારવાર અર્થે દાખલ કરેલ છે. આ ત્રણેય આરોપીઓએ ઉપરોકત હકીકતે ગુનો કરેલ હોય તેઓના વિરૂધ્ધ મારી ધોરણસરની ફરીયાદ છે'' તેમ જણાવેલ છે તેમ કરી ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૦૭, ૩૩૩, ૩૫૩, ૫૦૪, ૫૦૬(૨), ૨૨૪, ૧૧૪, આમર્સ એકટની કલમ – ૨૫(૧)(૧-બી)એ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુના સબબની ફરીયાદ ફરીયાદીએ આપતાં આરોપીઓ વિરૂધ્ધ બજાણા પોલીસ સ્ટેશનના ગુના રજી. નં. ૧૧૨૧૧૦૫૮૨૦૦૩૪૬/૨૦૨૦ થી ગુનો રજીસ્ટર્ડ કરવામાં આવેલો.

**3.** ફરીયાદની ફરીયાદના અનુસંધાને બજાણા પોલીસ સ્ટેશનના ગુના રજી. નં. ૧૧૨૧૧૦૫૮૨૦૦૩૪૬/૨૦૨૦ થી ગુનાની ફરીયાદ દાખલ થયા બાદ તપાસ કરનાર પોલીસ અધિકારીશ્રીએ તપાસ હાથ ધરી તપાસ દરમ્યાન આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૦૭, ૩૩૩, ૩૫૩,

૫૦૪, ૫૦૬(૨), ૨૨૪, ૧૧૪, આમર્સ એકટની કલમ – ૨૫(૧)(૧–બી)એ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબનો ગુનો બનવા પામતો હોઈ આરોપીઓને અટક કરી આરોપીઓ વિરૂધ્ધ તપાસ દરમ્યાન પુરતો પુરાવો મળી આવતા ધ્રાંગધ્રાના એડી. ચીફ જયુડી. મેજી. સમક્ષ ફોજદારી કેસ નંબર : ૩૭૨/૨૦૨૧ થી ચાર્જશીટ રજુ કરતા આરોપીઓ સામેના ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૦૭, ૩૩૩, ૩૫૩, ૫૦૪, ૫૦૬(૨), ૨૨૪, ૧૧૪, આમર્સ એકટની કલમ – ૨૫(૧)(૧–બી)એ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબના ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા ધ્રાંગધ્રાના એડી. ચીફ જયુડી. મેજી.શ્રી ને રહેતી ન હોય ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – ૨૦૯ અન્વયે ધ્રાંગધ્રાના મહે. એડી. સેસન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં કમીટ થઈ આવતાં જેને સેસન્સ કેસ નંબર : ૨૩/૨૦૨૧ થી ક્રિમીનલ રજીસ્ટરે નોંધવામાં આવેલો છે.

**૪.** આ કામે એ નોંધવુ જરૂરી જણાય છે કે, સદર ગુનાના કામના તપાસનીશ અમલદારશ્રીએ સમગ્ર તપાસના અંતે હાલના આરોપીઓની વિરૂધ્ધ ઉપરોકત ગુનાઓ સબબ ચાર્જશીટ રજુ કરેલ જેના પારા–૧૨ માં આરોપી – ઈમરાન ઉર્ફે ચમચી ઉર્ફે ભમરીયો જમાલ સિંધી જાતે–ડફેર, રહે. ગેડીયા, તા. પાટડીનાંઓને નાસતા–ફરતા જાહેર કરેલ છે.

પરંતુ અત્રેની કોર્ટના એ ધ્યાને ઉપર છે કે હાલના કેસ સાથેજ સદરહુ આરોપી – ઈમરાન ઉર્ફે ચમચી ઉર્ફે ભમરીયો જમાલભાઈ સીંધી (ડફેર) નામાના આરોપીનો કેસ પણ અત્રેની કોર્ટમાં પેન્ડીંગ છે જે પુરવણી ચાર્જશીટ થતા અત્રેની કોર્ટના સેસન્સ કેસ નં. ૦૯/૨૦૨૨ નો પડેલ છે જે વોરન્ટના સ્ટેજે પેન્ડીંગ છે.

**૫.** ત્યારબાદ હાલના આરોપીઓ સામેનો ઉપરોકત સેસન્સ કેસ અત્રે ધ્રાંગધ્રાના મહે. એડી. સેસન્સ જજ સાહેબશ્રી સમક્ષ ચાલવા માટે આવતાં આરોપીઓ જયુડીશ્યલ કસ્ટડીમાં હાજર હોય જેલ ઓથોરીટી ધ્વારા અત્રે અદાલત સમક્ષ રજુ રાખવામાં આવતાં આરોપીઓ તેમના વિધ્વાન વકીલ શ્રી સાથે કોર્ટમાં હાજર થતા આરોપીઓની વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ

– ૩૦૭, ૩૩૩, ૩૫૩, ૫૦૪, ૫૦૬(૨), ૨૨૪, ૧૧૪, આમર્સ એકટની કલમ – ૨૫(૧)(૧–બી)એ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ અન્વયે આંક–૦૪ થી મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ તહોમતનામુ ફરમાવી અનુક્રમે આંક–૦૫ અને આંક–૦૬ થી આરોપીઓના જવાબો નોંધતા ગુનાનો ઈન્કાર કરતા આરોપીઓ સામેના ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા આદેશ કરેલો.

**૬.** ફરીયાદ પક્ષ ધ્વારા નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલા છે.

**<u>મૌખિક પુરાવા</u> ::–**

| અનુ. નંબર | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| PW.૧ | પંચસાહેદ – ભલજીભાઈ રઘુભાઈ સોલંકી (ગુનાવાળી જગ્યાના તેમજ ઈજા પામનારના કપડા કબજે કર્યાના પંચનામાના પંચસાહેદ) | ૨૧ |
| PW.૨ | પંચસાહેદ – બિસ્મીલ્લાખાન બાનાજી મલેક (આરોપી–રસીલ નથુભાઈ તથા શરીફ અલ્લારખાને ગુનાનાં કામે અટક કર્યાના પંચનામા પંચસાહેદ) | ૩૧ |
| PW.૩ | પંચસાહેદ – છેલાભાઈ કરમણભાઈ રાતડીયા (ગુનાવાળી જગ્યાના તેમજ ઈજા પામનારના કપડા કબજે કર્યાના પંચનામાના પંચસાહેદ) | ૩૩ |
| PW.૪ | ઈજા પામનાર સાહેદ – મયુરભાઈ અમથુભાઈ ચાવડા | ૩૪ |
| PW.૫ | ફરીયાદી – પરીક્ષીતસિંહ નરેન્દ્રસિંહ ઝાલા | ૩૬ |
| PW.૬ | મેડીકલ ઓફિસર સાહેદ – ડો. મોહસીન ઈસ્માઈલભાઈ સીપાઈ (ઈજા પામનાર–મયુરભાઈ અમથુભાઈ ચાવડા ની સારવાર કરનાર) | ૪૧ |
| PW.૭ | સાહેદ – શૈલેષભાઈ પ્રહલાદભાઈ કઠેવાડીયા | ૪૯ |
| PW.૮ | સાહેદ – અજયસિંહ ધર્મેન્દ્રસિંહ ઝાલા | ૫૦ |
| PW.૯ | સાહેદ – ચીરાગકુમાર દશરથલાલ પટેલ (સાયન્ટીક ઓફિસર) | ૫૧ |
| PW.૧૦ | સાહેદ – અરૂણકુમાર સમશેરબહાદુર યાદવ (સર્કલ ઓફિસર–મામલતદાર કચેરી, પાટડી) | ૫૩ |
| PW.૧૧ | સાહેદ – નરેશભાઈ રાયમલભાઈ મેર | ૬૧ |

PW.૧૨ સાહેદ – યશપાલસિંહ ધનશ્યામસિંહ રાઠોડ ૬૨

PW.૧૩ સાહેદ – મુળરાજસિંહ મહેન્દ્રસિંહ ચુડાસમા ૬૫

PW.૧૪ સાહેદ – દેવેન્દ્રકુમાર ખોડીદાસભાઇ ઉમરાણીયા ૬૬

PW.૧૫ સાહેદ – દિગ્વીજયસિંહ અજીતસિંહ ઝાલા ૬૭

PW.૧૬ સાહેદ – હેમુભાઇ જેહાભાઇ નાંધા ૭૫
(પી.એસ.ઓ.)

PW.૧૭ સાહેદ – મુકેશદાન કનુભાઇ ઇસરાણી ૭૯
(તપાસનીશ અમલદાર)

PW.૧૮ સાહેદ – વિરેન્દ્રસિંહ નવલસિંહ જાડેજા ૮૪
(તપાસનીશ અમલદાર)

**<u>દસ્તાવેજી પુરાવા ::–</u>**

| અનુ. નંબર | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું | ૨૨ |
| ૨ | ઈજા પામનારના કપડા કબજે કર્યાનું પંચનામું | ૨૩ |
| ૩ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ ઉપર લગાવેલ પંચોની સહીવાળી પંચસ્લીપ | ૨૪ |
| ૪ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૨ ઉપર લગાવેલ પંચોની સહીવાળી પંચસ્લીપ | ૨૫ |
| ૫ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૩ ઉપર લગાવેલ પંચોની સહીવાળી પંચસ્લીપ | ૨૬ |
| ૬ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૪ ઉપર લગાવેલ પંચોની સહીવાળી પંચસ્લીપ | ૨૭ |
| ૭ | આરોપી–રસુલ નથુભાઇ તથા શરીફ અલ્લારખાને ગુનાનાં કામે અટક કર્યાનું પંચનામું | ૩૨ |
| ૮ | ફરીયાદીની અસલ ફરીયાદ | ૩૭ |
| ૯ | ઈજા પામનાર–મયુરભાઇ અમથુભાઇ ચાવડાના ઓ.પી.ડી./એમ.એલ.સી. કેસ પેપર્સ | ૪૨ |
| ૧૦ | ઈજા પામનાર–મયુરભાઇ અમથુભાઇ ચાવડાનું સારવાર અંગેનું મેડીકલ સર્ટીફિકેટ | ૪૩ |
| ૧૧ | ઈજા પામનાર–મયુરભાઇ અમથુભાઇ ચાવડાના બ્લ્ડ સેમ્પલ તેમજ સારવાર સર્ટીફિકેટ મેળવવા ત.ક.અ.શ્રી એ કરેલ યાદી | ૪૪ |
| ૧૨ | ઈજા પામનાર–મયુરભાઇ અમથુભાઇ ચાવડાના લીધેલ | ૪૫ |

| | | |
|---|---|---|
| | સેમ્પલો એફ.એસ.એલ. માં મોકલવા ફોરવર્ડીંગ લેટરથી પોલીસને સોંપ્યા અંગેનો પત્ર | |
| ૧૩ | સાયન્ટીફિક ઓફિસર ધ્વારા તૈયાર કરવામાં આવેલ તા. ૩૦/૦૭/૨૦૨૦ નો સ્થળ પરીક્ષણ અહેવાલ | ૫૨ |
| ૧૪ | સર્કલ ઓફિસર રેવન્યુ નાંઓએ પંચ રોજકામ તથા નકશો પોલીસને મોકલ્યાનો ફોરવર્ડીંગ પત્ર | ૫૪ |
| ૧૫ | સર્કલ ઓફિસર રેવન્યુ નાંઓએ તૈયાર કરેલ પંચ રોજકામ | ૫૫ |
| ૧૬ | સર્કલ ઓફિસર રેવન્યુ નાંઓએ તૈયાર કરેલ નકશો | ૫૬ |
| ૧૭ | સર્કલ ઓફિસર રેવન્યુ નાંઓને પંચ રોજકામ તથા નકશો કરી આપવા ત.ક.અ.શ્રીએ લખેલ પત્ર | ૫૭ |
| ૧૮ | એફ.આઈ.આર. ની નકલ | ૭૬ |
| ૧૯ | સ્ટેશન ડાયરી એન્ટ્રી નં. ૩/૨૦ નો ઉતારો | ૭૭ |
| ૨૦ | કબજે લીધેલ મુદ્દામાલ પૃથ્થકરણ અર્થે એફ.એસ.એલ. માં મોકલ્યાની ત.ક.અ.શ્રીની રવાનગી | ૮૫ |
| ૨૧ | આંક–૮૫ ની રવાનગીથી મોકલેલ મુદ્દામાલ પૃથ્થકરણ અર્થે મળી ગયાની એફ.એસ.એલ. ની પહોંચ | ૮૬ |
| ૨૨ | મુદ્દામાલ પૃથ્થકરણ  અર્થે એફ.એસ.એલ. મળી ગયાની એકનોલેઝમેન્ટ સ્લીપ | ૮૭ |
| ૨૩ | એફ.એસ.એલ. કચેરી ધ્વારા મુદ્દામાલનો પરીક્ષણનેઅહેવાલ મોકલ્યાનો પત્ર | ૮૮ |
| ૨૪ | આંક–૮૫ ની રવાનગીથી મળેલ મુદ્દામાલ સંબંધેનો બાયોલોજીકલ પરીક્ષણ અહેવાલ | ૮૯ |
| ૨૫ | આંક–૮૫ ની રવાનગીથી મળેલ મુદ્દામાલ સંબંધેનો સીરોલોજીકલ પરીક્ષણ અહેવાલ | ૯૦ |

**૭.** સદરહુ કામે ફરીયાદ પક્ષનો ઉપરોકત પુરાવો રજુ થયા બાદ ફરીયાદ પક્ષ ધ્વારા આંક–૯૧ થી ડ્રોપ પુરસીસ તેમજ આંક–૯૨ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખવામાં આવેલ છે. આમ, ફરીયાદ પક્ષ ધ્વારા વધુ કોઈ પુરાવો ન હોય હાલના આરોપીઓનાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૩૧૩ અન્વયે નિવેદનો લેવામાં આવેલા છે તેમાં આરોપીઓએ ફરીયાદ પક્ષે રજુ રાખેલ તમામ પુરાવાઓની હકીકતોનો ઈન્કાર કરી તેઓએ બચાવના સાક્ષી તપાસેલા નથી કે સોગંદ ઉપર જુબાની આપવામા માંગતા ન હોવાનું જણાવી વિશેષમાં અમારા ઉપર ખોટો કેસ કરેલો હોય અમો તદ્દન નિર્દોષ છીએ નિર્દોષ

તેવું જણાવેલ છે.

૮. ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એ. પી. પી. શ્રી પી. બી. મકવાણા નાંઓની તેમજ આરોપીઓ પક્ષ તરફે વિધ્વાન લીગલ એઈડ વકીલ શ્રી એન. ડી. સોલંકીનાંઓની દલીલો સાંભળી.

૮.૧ ફરીયાદ પક્ષે વિધ્વાન એ. પી. પી. શ્રી પી. બી. મકવાણા ધ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે આરોપીઓની વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૦૭, ૩૩૩, ૩૫૩, ૫૦૪, ૫૦૬(૨), ૨૨૪, ૧૧૪, આમર્સ એકટની કલમ – ૨૫(૧)(૧–બી)એ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબના ગુના સબબ આંક–૦૪ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે અને સદર તહોમતનામા અનુસાર આ કામે ફરીયાદ પક્ષે તપાસેલ પોલીસ સાહેદો ફરીયાદી, બનાવના કામે ઈજા પામનાર સાહેદ, બનાવ તારીખે, સમયે અને સ્થળે હાજર એવા પોલીસ સાહેદો તેમજ બનાવની જાણ થતા પાછળથી હાજર થયેલા અન્ય પોલીસ સાહેદો તથા ઈજા પામનાર પોલીસ સાહેદની સારવાર કરનાર મેડીકલ ઓફિસર સાહેદ, બનાવ સ્થળનું પરીક્ષણ કરનાર સાયન્ટીફિક ઓફિસર, બનાવવાળી જગ્યાનો નકશો તેમજ પંચ રોજકામ તૈયાર કરનાર સર્કલ રેવન્યુ ઓફિસર, તપાસનીશ અમલદાર સાહેદ તેમજ પંચ સાહેદોની જુબાનીથી ફરીયાદ પક્ષે આંક–૦૪ થી આરોપી ઓની વિરૂધ્ધ ફરમાવેલ તહોમતનામાની હકીકતો નિ:શંકપણે પુરવાર કરેલ છે, આ કામના આરોપીઓ ધ્વારા પોતાની કાયદેસરની એવી ફરજ પરના પોલીસ સાહેદો ઉપર હુમલો કરતુ કૃત્ય કરેલ છે અને ફરજ પરના પોલીસ કર્મીને છરી વડે હુમલો કરી જીવલેણ ઈજા કરેલ છે આ હકીકત ફરીયાદ પક્ષે રજુ પુરાવાઓથી પુરવાર કરેલ છે ત્યારે આરોપીઓને તેઓના વિરૂધ્ધના આક્ષેપો સંબંધે કાયદાથી ફરમાવેલ મહત્તમ સજા કરવા અરજ કરેલી છે.

૮.૨ આરોપી પક્ષે વિધ્વાન લીગલ એઈડ વકીલ શ્રી એન. ડી. સોલંકી ધ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે આરોપીઓની વિરૂધ્ધ ફરમાવેલ તહોમત સંદર્ભે રજુ રાખેલ પુરાવાઓના કામે હાલના આરોપીઓની વિરૂધ્ધ એવો કોઈ જ પુરાવો રેકર્ડ પર આવેલ નથી કે જેથી કરી આરોપીઓને ગુનાનાં કામે સાંકળી તકસીરવાન ઠરાવી શકાય. આ કામે ફરીયાદ પક્ષે

તપાસેલ સાહેદોની જુબાની જોતાં હાલના આરોપી સિવાયના અન્ય આરોપી એ પોલીસ સાહેદ બનાવના કામે ઈજા પામનારને છરી વડે ઈજા કરેલાનુ રેકર્ડ પર આવે છે અને હાલના આરોપીઓએ કોઈ મારકુટ કરેલ હોય તેવુ બનેલ નથી તેમ સ્પષ્ટપણે બનાવના કામે ઈજા પામનાર સાહેદ ખુદ પોતાની આંક – ૩૪ ની જુબાની દરમ્યાન ઉલટતપાસના ભાગે સ્વીકારે છે તેમજ આ કામે રજુ પંચનામાની હકીકતોને પંચસાહેદોએ સર્મથન કરેલ નથી, આ કામે કોઈ દેશી કટુ કે તમંચા જેવુ હથીયાર પોલીસ ધ્વારા કબજે લેવામાં આવેલ નથી. આમ, ફરીયાદ પક્ષ હાલના આરોપીઓની વિરૂધ્ધ ફરમાવેલ તહોમત મુજબ ના કોઈ જ આક્ષેપો પુરવાર કરવામાં સફળ રહેલ નથી તેમ જણાવી આરોપી ઓને નિર્દોષ ઠરાવી મુકવા વિનંતી કરેલ છે.

૯. આ કામે ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો તેમજ બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની દલીલો લક્ષમાં લેતા હાલના કેસમાં ન્યાયી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

:: મુદ્દાઓ ::

૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ ગઈ તા. ૨૯/૦૭/૨૦૨૦ ના કલાક : ૧૮/૧૫ વાગ્યે ગેડીયા ગામની સીમમાં આરોપીઓ નાસતા – ફરતા હોય ધરપકડ ટાળવા સારૂ પોલીસની ટીમ ઉપર હુમલો કરી આરોપી – રસુલભાઈ રથુભાઈ લથવાણી તથા આરોપી – શરીફભાઈ અલ્લારખાભાઈ લથવાણીનાંઓએ પોતાની પાસે રહેલ દેશી તમંચા પોલીસ સામે તાકી ભુંડાબોલી ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ અને અન્ય આરોપી – ઈમરાન ઉર્ફે ચમચીનાંઓએ છરીથી સાહેદ – મયુરભાઈ ચાવડાનાંઓને ગંભીર જીવલેણ ઈજા કરેલી તેમજ બનાવ તારીખે, સમયે અને સ્થળે અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથીયારબંધીનું જાહેરનામું અમલમાં હોય તેનો ભંગ કરી આરોપીઓએ મારક હથીયાર 'છરી તેમજ તમંચા' ધારણ કરેલ તેમ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૩૩, ૩૫૩, ૫૦૪, ૫૦૬(૨),

૨૨૪, ૧૧૪, આમર્સ એકટની કલમ – ૨૫(૧)(૧–બી)એ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનાઓ આરોપીઓએ આચરેલ છે ?

**૨)** શું હુકમ ?

**૧૦.** ઉપરોકત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે.

**:: <u>નિર્ણયો</u> ::**

મુદ્દા નંબર – ૧ ::– હાલના આરોપીઓના કેસના કામે નકારમાં.

મુદ્દા નંબર – ૨ ::– આખરી હુકમ મુજબ.

**:: <u>કારણો</u> ::**

**<u>મુદ્દા નંબર–૧</u> ::–**

**૧૧.** ફોજદારી ન્યાય શાસ્ત્રના સિધ્ધાંત તેમજ ભારતીય પુરાવા ધારાની જોગવાઇઓ મુજબ ફરીયાદ પક્ષ આરોપીઓ સામેનું તહોમત નિ:શંકપણે પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીઓની નિર્દોષતાનું અનુમાન અદાલત માટે ફરજીયાત હોય છે. બીજા શબ્દોમાં, આરોપીઓ સામેનો કેસ શંકાથી પર રીતે પુરવાર કરવાનો બોજો કાયદાથી ફરીયાદ પક્ષ ઉપર લાદવામાં આવેલ છે. એ સ્થાપિત છે કે, ફરીયાદ પક્ષના કેસ અંગે મહત્વની શંકા ઉભી થાય તો હંમેશા તેનો લાભ આરોપીઓને મળવા પાત્ર બને છે. ફોજદારી કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષના પુરાવામાં નાની–નાની ક્ષતિઓ અથવા તો તપાસના કામમાં નાની–મોટી વિસંગતતાઓ આવવાની શકયતા હોઇ શકે પરંતુ તેથી ફરીયાદ પક્ષનો કેસ ફેંકી દઇ શકાય નહીં તેમજ ફરીયાદ પક્ષના એક માત્ર ફરીયાદીની જુબાની ઉપરથી ફરીયાદ પક્ષનો કેસ માની શકાય નહીં તેવો કાયદામાં કોઇ પ્રતિબંધ નથી પરંતુ તે અંગે અમુક સિધ્ધાંતો છે કે ફરીયાદી તટસ્થ, વિશ્વાસપાત્ર, ભરોસાપાત્ર અને માની શકાય તેવી જુબાની આપતા હોય તો જ માત્ર ને માત્ર ફરીયાદીની જુબાની ઉપરથી આરોપી વિરૂધ્ધનો કેસ માની શકાય અને જયારે બનાવ જાહેરમાં બન્યો હોય અથવા તો બનાવ સમયે સાથે બીજા સાહેદો હોય તો સ્વભાવિક રીતે ફરીયાદીની જુબાની સાથે સર્મથનકર્તા સાહેદની જુબાની હોવી જરૂરી છે.

**૧૨.** આ કામમાં આરોપીઓની સામે ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૦૭, ૩૩૩, ૩૫૩, ૫૦૪, ૫૦૬(૨), ૨૨૪, ૧૧૪, આમર્સ એકટની કલમ – ૨૫(૧)(૧–બી)એ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબના મુખ્ય આરોપો છે,

સદર આરોપીઓ સામેના આરોપો પુરવાર કરવા ફરીયાદ પક્ષે ગુન્હાવાળી જગ્યાનું તેમજ બનાવ સમયે ઈજા પામનાર સાહેદે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામું કરતા સમયે હાજર એવા પંચનામાના પંચ સાહેદો પૈકીના પંચ સાહેદ – ભલજીભાઈ રઘુભાઈ સોલંકીનાંઓને આંક–૨૧ થી તથા પંચ સાહેદ – છેલાભાઈ કરમણભાઈ રાતડીયા નાંઓને આંક–૩૩ થી સોગંદ પર તપાસી તેઓની જુબાની દરમ્યાનમાં ગુન્હાવાળી જગ્યાનું આંક–૨૨ થી તેમજ બનાવ સમયે ઈજા પામનાર સાહેદે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામું આંક–૨૩ થી તથા મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ થી ૪ પર લગાવેલ પંચોની સહીવાળી સ્લીપો રજુ રાખેલ છે. સદર પંચસાહેદ પોતાની સોગંદ પરની જુબાની દરમ્યાનમાં સરતપાસના ભાગે રજુ પંચનામાની વિગતોને લેશ માત્ર પણ સર્મથન કરતા નથી અને જણાવે છે કે પોલીસે મારી પંચનામામાં સહી લીધેલ હું પોલીસ સાથે કોઇ જગ્યા ઉપર ગયો અને પોલીસે તે જગ્યાએ કોઇ પંચનામું કરેલ હોય તેવુ બનેલ નથી તેમજ પોલીસ સ્ટેશને મારી રૂબરૂમાં કોઇ ઈસમો પાસેથી કોઇ ચીજવસ્તુ કબજે કરેલ હોય તેવું બનેલ નથી.

**૧૨/૧.** સદરહુ પંચ સાહેદોને ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ પંચસાહેદોએ ગુન્હાવાળી જગ્યાનાં પંચનામા આંક–૨૨ તેમજ બનાવ સમયે ઈજા પામનાર સાહેદે પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામાં આંક–૨૩ ની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૨/૨.** સદરહું પંચ સાહેદો પૈકી આંક–૩૩ ના પંચસાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર પંચ સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે હું કોઇ પંચનામાની કાર્યવાહી માટે ગયેલ નથી કે મે કોઇ પંચનામાઓમાં કે પંચ સ્લીપોમાં સહીઓ કરેલ નથી કે તે બાબતે હું કાંઇ જાણતો નથી.મે કઇ તારીખે સહી કરેલી તે મને ચોકકસ તારીખ યાદ નથી, લખાણ શું હતુ તેની

મને ખબર નથી, મે કાંઇ લખાવેલુ નથી મે વાંચેલુ નથી કે મને વંચાવેલ નથી, અગાઉથી લખેલ કાગળમાં મારી સહી લીધેલી અને આંક–૨૧ ના પંચ સાહેદ ની આરોપી પક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**૧૩.** ફરીયાદ પક્ષે આરોપી–રસુલ નથુભાઇ લથવાણી તેમજ આરોપી – શરીફ અલ્લારખા લથવાણીને ગુન્હાના અટક કર્યાનું પંચનામું કરતા સમયે હાજર એવા પંચનામાના પંચ સાહેદો પૈકીના પંચ સાહેદ – બિસ્મીલ્લાખાન બાનાજી મલેકનાંઓને આંક–૩૧ થી સોગંદ પર તપાસી તેઓની જુબાની દરમ્યાનમાં જગ્યાનું આંક–૩ર થી રજુ રાખેલ છે. સદર પંચસાહેદ પોતાની સોગંદ પરની જુબાની દરમ્યાનમાં સરતપાસના ભાગે રજુ પંચનામાની વિગતોને લેશમાત્ર પણ સર્મથન કરતા નથી અને જણાવે છે કે બે વર્ષ પહેલા હું માલવણ ચોકડી ઉપર આવેલ મારી હોટલ ઉપર હાજર હતો તે દરમ્યાન પોલીસ ત્યાં આવેલી અને એક કાગળમાં સહી કરવાનુ કહેતા મે સહી કરી આપેલી, એવુ બનેલ નથી કે હું બજાણા પોલીસ સ્ટેશને ગયેલ હોય અને ત્યાં બે ઇસમો હાજર હોય અને આ ઇસમોની શરીર સ્થીતીનું તથા કપડાનું વર્ણન લખી પોલીસે મારી હાજરીમાં આવા કોઇ વ્યકિતઓને ગુનાના કામે અટક કરેલા હોય.

**૧૩/૧.** સદરહુ પંચ સાહેદોને ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ પંચસાહેદે આરોપી– રસુલ નથુભાઇ લથવાણી તેમજ આરોપી – શરીફ અલ્લારખા લથવાણીને ગુન્હાના અટક કર્યાના પંચનામાં આંક–૩ર ની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૩/૨.** સદરહું પંચ સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર પંચ સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પંચનામા વિશે મને કોઇ જાત માહિતી નથી, પોલીસે લખેલા તૈયાર પંચનામામાં સહી કરવાનુ કહેતા મે સહી કરેલી હુ સહી સિવાય કાંઇ જાણતો નથી.

**૧૪.** આ કામમાં ફરીયાદ પક્ષે ઇજા પામનાર સાહેદ – મયુરભાઇ અમથુભાઇ ચાવડા નાંઓએ તેમનો આંક–૩૪ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ

જણાવેલું છે કે, હું સને–૨૦૨૦ માં બજાણા પોલીસ સ્ટેશન ખાતે પો.કો. તરીકે મારી ફરજ બજાવતો હતો તે દરમ્યાન તા. ૨૯/૦૭/૨૦૨૦ નાં રોજ અમો તથા પો.કો. અજયસિંહ તથા પો.કો. શૈલેષભાઇ તથા પો.કો. નરેશભાઇ નાંઓ અમારા પી. એસ.આઇ.શ્રીની સુચનાથી નાસતા–ફરતા આરોપીને પકડવા માટે પેટ્રોલીંગમાં ગેડીયા ગામ તળાવ નજીક હતા ત્યારે પરીક્ષીતસિંહ પો. હે.કો. ને માહિતી મળેલ કે ઇમરાન ઉર્ફે ચમચી ત્યાં દંગામાં છે તેવી માહિતી મળેલી પછી અમો તેને પકડવા માટે તેના દંગામાં ગયેલા હતા ત્યારે સાંજના ૧૮/૧૫ વાગ્યાનો સમય હશે ત્યાં દંગામાં આરોપી – રસુલ નથુ તથા શરીફ અલ્લારખા તથા ઇમરાન હતા ત્યાં આરોપી – રસુલે તેની પાસેથી દેશી કટુ કાઢેલુ અને અમારી સામે તાકીને જેમ ફાવે તેમ ગાળો બોલતા હતા ત્યાં બચવા માટે ઇમરાન અને રસુલ બાઇક લઇ નાશી ગયેલા ત્યાં બાઇક સ્લીપ થતા તેઓ પડી ગયેલા હું સૌથી આગળ હતો ત્યાં ઇમરાન ની નજીક પહોંચેલો તો ઇમરાને બચવા માટે છરી કાઢી જડબાની ડાબી બાજુ કાનથી નીચેના ભાગે મને મારેલી પછી મારી સાથેના પોલીસ સ્ટાફના માણસો મને હોસ્પીટલમાં લઇ ગયેલા ત્યાં આરોપી – ઇમરાન પકડાઇ ગયેલ હતો અને બાકીના બે આરોપીઓ નાશી ગયેલા હતાં પછી મને સુરેન્દ્રનગર ટી.બી.હોસ્પીટલ એટલે કે સી.યુ.શાહ મેડીકલ કોલેજમાં લઇ ગયેલા ત્યાં મને ટાંકા લેવામાં આવેલા હતા, ઇમરાનને હોસ્પીટલમાં લઇ જવામાં આવેલ હતો, મને સવારમાં સમાચાર મળેલા કે ઇમરાનને અમદાવાદ રીફર કરવાનો હતો અને એમ્બ્યુલન્સમાં લઇ જતા હતા ત્યારે અણીન્દ્રા ગામના પાટીયા પાસે ઇમરાન એમ્બ્યુલન્સમાંથી નાશી ગયેલો. વધુમાં સદર ઇજા પામનાર સાહેદે જણાવેલુ છે કે, હું સારવારમાં ગયો ત્યારે બેભાન જેવી અવસ્થામાં હતો અને ત્યારબાદ મારૂ ડી.ડી. લેવામાં આવેલું હતુ, મારૂ ડી.ડી. લીધુ ત્યારે હું ભાન માં હતો, હું ભાનમાં આવ્યો ત્યારે ડોકટર સાહેબે મારી પુછપરછ કરેલી હતી, મને મુદ્દામાલ છરી બતાવવામાં આવે તો હાલ ઓળખી ન શકુ, હું આરોપીઓ ને જોયેથી ઓળખી શકુ તેમ જણાવી આરોપીઓને ઓળખી બતાવે છે અને એમ પણ જણાવે છે કે પોલીસે મારી પાસેથી મારા કપડા કબજે કરેલા, પોલીસે મારી પાસેથી પેન્ટ અને શર્ટ કબજે કરેલા, મારો શર્ટ બ્લેક જેવા કલર નો હતો અને પેન્ટ ગ્રે કલર જેવુ હતું, મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૪ વાળા

કપડા બતાવવામાં આવે છે જે મે બનાવ સમયે પહેરેલા અને પોલીસને આપેલા તે જ છે, પોલીસે મારી પુછપરછ કરી જવાબ લીધેલો.

**૧૪/૧.** સદરહું ઈજા પામનાર સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મે બજાણા પોલીસ સ્ટેશન ખાતે ત્રણ વર્ષ જેટલા સમય ફરજ બજાવેલી, બનાવ વખતે અમો હાલ ના ગુનાના કામે ગયેલા નહીં પરંતુ જુગારના ગુના અંગેની રેડમાં ગયેલા તે સમય દરમ્યાન કોઈ જુગાર કે દારૂ સંબંધેના કેસ અમોએ નોંધાવેલ હોય તેવું બનેલ નથી, આ કામના વોન્ટેડ આરોપીની મને કોઈ બાતમી મળેલી નહીં. વધુમાં સદર સાહેદ સ્વીકારે છે કે મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં આરોપી ઓ સામે કયા ગુના નોંધાયેલા તે અંગે વિગત જણાવેલ નથી, બનાવ વખતે આરોપીઓ કેટલા ગુનામાં વોન્ટેડ હતા તે બાબતે મે કોઈ માહિતી મેળવેલ નથી, દંગામાં આરોપી – રસુલ નથુ તથા શરીફ અલ્લારખા નાંઓએ પોલીસ સાથે મારકુટ કરેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં સાહેદ ટી.બી.હોસ્પીટલ – સુરેન્દ્રનગર લઈ ગયા ત્યારે ડોકટરે તમારી કોઈ પુછપરછ કરેલી તેવા સવાલ ના જવાબમાં જણાવે છે કે મને દવાખાને લઈ ગયા ત્યારે હું ભાનમાં ન હતો પાછળથી ભાનમાં આવતા મારી પુછપરછ કરેલી, ડોકટરે તમને તમે ભાનમાં આવ્યા ત્યારે આ ગુનાની ફરીયાદ કરવાનું પુછેલુ તેવા સવાલના જવાબમાં હા જણાવે છે અને એમ પણ જણાવે છે કે અમોએ ફરીયાદ કરવાની ના પાડેલી ડોકટર સાહેબે પોલીસને બોલાવેલી મે ફરીયાદ આપેલ હોય તેવુ બનેલ નથી, મે નિવેદન આપેલુ ત્યારપછી મે બીજુ કોઈ નિવેદન લખાવેલ નથી. વધુમાં સદર ઈજા પામનાર સાહેદ જણાવે છે કે એ વાત ખરી છે કે મામલતદારશ્રીએ મારૂ ડી.ડી. લીધેલુ તેમાં મે આરોપીઓના નામ લખાવેલા નહીં, ફરીયાદ પી. એન. ઝાલાએ લખાવેલી અને મારા કહેવા પ્રમાણે આરોપીઓના નામ લખાવેલા, મામલતદારશ્રીએ મારૂ ડી.ડી. લીધેલુ તેમાં મે સહી કરેલી આ ડી. ડી. માં મે મારૂ નામ કે હોદ્દો સહી નીચે લખેલ નથી, મામલતદારે મને પ્રશ્નો પુછતા હતા અને પછી લખતા હતાં.

**૧૫.** આ કામમાં ફરીયાદ પક્ષે ફરીયાદી – પરિક્ષીતસિંહ નરેન્દ્રસિંહ ઝાલા નાંઓએ તેમનો આંક–૩૬ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે

કે, હું હાલમાં સુરેન્દ્રનગર એલ. સી. બી. શાખામાં હે.કો. તરીકે મારી ફરજ બજાવુ છું, સને–૨૦૨૦ માં પો.હે.કો. તરીકે બજાણા પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતો હતો, હાલનો બનાવ ગઇ તારીખ : ૨૯/૦૭/૨૦૨૦ નાં રોજ બનેલો, બનાવના દિવસે હું તથા પો.કો. મયુરભાઇ ચાવડા, પો.કો. શૈલેષભાઇ તથા અજયસિંહ ઝાલા તથા નરેશભાઇ મેર એમ અમો બધા ખાનગી વાહનમાં પ્રોહી. જુગાર અંગેની ડ્રાઇવ હોય જેથી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય અમો પેટ્રોલીંગમાં ફરતા ફરતા ગેડીયા ગામે પહોંચતા અમોને ખાનગી રાહે બાતમી મળેલ કે, રસુલ નથુ ડફેર, શરીફ અલ્લારખા તથા ઈમરાન ઉર્ફે ચમચી આ બધા રસુલ નથુના દંગે હાજર હોય અને સુરેન્દ્રનગર તથા મહેસાણા જીલ્લાના અલગ અલગ ગુનામાં વોન્ટેડ હોય જેથી તેઓને પકડવા માટે અમો તથા અમારી સાથેના સ્ટાફના માણસો ગેડીયા ગામે તળાવ પાસે સાંજના છએક વાગ્યાની આસપાસ પહોંચેલા ત્યાં દંગે હાજર રસુલ નથુ અમો સ્ટાફના માણસોને જોઇ ગયેલ જેથી તેના દંગા પાસે પડેલ પલ્સર મોટર સાયકલમાં ત્રણેય જણા એટલે કે રસુલ નથુ, શરીફ અલ્લારખા અને ઈમરાન ઉર્ફે ચમચી ત્રણેય બેસી ત્યાંથી નીકળી ગયેલા જેથી તેઓની પાછળ અમો સ્ટાફના માણસોએ પીછો કરેલો ત્યાં થોડે આગળ એક ખેતરમાં મોટર સાયકલ સ્લીપ મારી ગયેલ જેથી તેઓ પડી ગયેલા જેમાં ઈમરાન ઉર્ફે ચમચીને ઈજા થયેલી અને તેની સાથેના રસુલ નથુ અને શરીફ અલ્લારખા ત્યાંથી ભાગવા લાગેલ ત્યાં રસુલ નથુએ પોતાના હાથમાં તમંચા જેવુ હથીયાર અમારી સામે તાકેલુ અને અમોને કહેલ કે અહીંથી જતા રહો આ તમારી સગી નહી થાય આ સાથે શરીફ અલ્લારખા પણ સાથે હતો અમો પણ અમારા હાથમાં લાકડી હોય તેની સામે ગયેલા જેથી તે કટુ હથીયાર અમારા સામે તાકતા તાકતા પાછા પગે દોડવા લાગેલા ત્યાં હાજર પડી ગયેલા ઈમરાન નજીક અમો પહોંચતા ઈમરાને તેના નેફામાંથી એક છરી કાઢેલ અને અમારી સાથેના કોન્સ. મયુરભાઇને કાનના ભાગે અને ગળાના ભાગે છરી મારી દીધેલ બાદમાં ઈમરાને પોતાના હાથમાં રહેલ છરી અમારી સામે જેમ તેમ ફેરવવા લાગેલો જેથી જરૂરી બળપ્રયોગ કરી ઈમરાનને પકડી પાડેલ, બાદ અમારી સાથેના કોન્સ. મયુરભાઇ ચાવડાને વધારે ઈજા થયેલ હોય જેથી અમોએ પી.એસ. આઇ. એમ. કે. ઈસરાણી સાહેબનાંઓને બોલાવેલા તેમની

સાથે એ. એસ.આઇ. મુળરાજસિંહ તથા સુરેશભાઇનાંઓ સરકારી વાહનમાં આવી ગયેલા જેથી અમારી સાથેના કોન્સ. મયુરભાઇને વધારે વાગેલુ હોય જેથી હું તથા કોન્સ. સુરેશભાઇ પ્રાઇવેટ ગાડીમાં તેઓને સુરેન્દ્રનગર ખાતે સી. યુ. શાહ. મેડીકલ કોલેજમાં સારવાર માટે લઇ ગયેલા અને ત્યાં હાજર ઇમરાન ઉર્ફે ચમચીને અન્ય પોલીસ સ્ટાફના માણસો સારવાર માટે દવાખાને લઇ ગયેલા, મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવી ફરીયાદ આંક–૩૭ થી રજુ રાખેલ છે. વધુમાં સદર ફરીયાદીએ જણાવેલુ છે કે, બાદમાં બીજા દિવસે બનાવવાળી જગ્યાએ તપાસના કામે બનાવવાળી જગ્યાનું પંચનામું કરવાનું હોય એમ. કે. ઇસરાણી સાહેબ સાથે ગયેલ જયાં બનાવવાળી જગ્યાએ ઇસરાણી સાહેબે બે પંચો બોલાવેલ અને બનાવવાળી જગ્યાએ અમારી હાજરીમાં બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલુ, આ બનાવવાળી જગ્યાએથી લોહીવાળી માટી તથા કન્ટ્રોલ માટી તથા એક ફાઇબરના હાથમાં ફીટ કરેલી છરી તથા એક પલ્સર મોટર સાયકલ કબજે લીધેલું, મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૩ વાળી છરી બતાવવામાં આવે છે તે તે જ છે  તેમ જણાવી આરોપીઓને ઓળખી બતાવે છે.

**૧૫/૧.** સદરહું ફરીયાદીની આરોપીઓ પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર ફરીયાદીએ એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે અમોને એવી કામગીરી સોંપેલી કે અમો જયા દારૂ જુગાર ચાલતો હોય ત્યાં વોચ રાખો અને તે સંબંધે જાણ કરો અથવા તે સંબંધેના કેસો કરો, આ દિવસે રેઇડ દરમ્યાન કયાંય દારૂ જુગાર બાબતે કોઇ પકડાયેલ નહીં કે કોઇ કેસ કરવામાં આવેલ નહીં, અમો ગેડીયા ગામે દારૂ જુગારની વોચમ ગયેલા. વધુમાં ફરીયાદી જણાવે છે કે અમો ગેડીયા ગયા ત્યારે આરોપીઓ મહેસાણા તથા સુરેન્દ્રનગર જીલ્લાના અલગ અલગ કેસોમાં વોન્ટેડ છે તેવી માહિતી મળેલી અને સ્વીકારે છે કે અમોએ આ આરોપીઓ વોન્ટેડ છે અને હાજર છે તો તે બાબતે વધુ કોઇ પોલીસ ફોર્સની માંગણી કરેલ નહીં સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે વોન્ટેડ આરોપીઓ હાજર હોવાની જાણ કરેલી તે વખતે વધારાની કોઇ પોલીસ ફોર્સ કે સરકારી વાહન માં કોઇ આવેલા નહીં તેમ સ્વીકારી સ્વેચ્છાએ જજણાવે છે કે બાદમાં આવેલા. વધુમાં સદર ફરીયાદી સ્વીકારે છે કે, અમોએ મોટર સાયકલનો

પીછો કરેલો અને તેની પાછળ ગયેલા, આ ભાગેલા તેઓનુ મોટર સાયકલ ખેતરમાં સ્લીપ થતા પડી ગયેલુ, મયુરભાઇ ચાવડાને સી.યુ.શાહ હોસ્પીટલ – સુરેન્દ્રનગર લઇ ગયેલા ત્યારે તે ભાનમાં હતાં, મે ડોકટરને કોઇ હિસ્ટ્રી લખાવેલ હોય તેવુ બનેલ નથી, મે ડોકટરને કોઇ આરોપીના નામ બતાવેલ હોય તેવુ બનેલ નથી, ડોકટરે મને ફરીયાદ બાબતે પુછેલુ, મે હોસ્પીટલમાં ફરીયાદ લખાવેલી મે ફરીયાદ લખાવતા પહેલા કોઈની પરવાનગી લીધેલ નથી અને સ્વેચ્છાએ જણાવે છે કે તેની જરૂરીયાત નથી. વધુમાં ફરીયાદી એમ પણ સ્વીકારે છે કે દવાખાનાની ફરીયાદ કોરા કાગળ ઉપર લખાવેલી અમારી ફરીયાદ એમ. કે. ઇસરાણી નાંઓએ લીધેલી ફરીયાદ બીજા દિવસે કરેલી.

**૧૬.** આ કામે ફરીયાદ પક્ષે ઈજા પામનાર – મયુરભાઇ અમથુભાઈ ચાવડા પો.કો. નાંઓની સારવાર કરનાર મેડીકલ ઓફિસર સાહેદ – ડો. મોહસીન ઈસ્માઈલભાઈ સીપાઈ નાંઓએ તેમનો આંક–૪૧ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, હું તા. ૨૯/૦૭/૨૦૨૦ નાં રોજ સી. યુ. શાહ મેડીકલ કોલેજ ખાતે મેડીકલ ઓફિસર તરીકેની મારી ફરજ ઉપર હાજર હતો તે દરમ્યાન દર્દી નામે મયુરભાઈ અમથુભાઈ ચાવડા, રહે. ધ્રાંગધ્રા વાળાને અજયસિંહ ધર્મેન્દ્રસિંહ ઝાલા મોબાઇલ નં. ૯૮૭૦૦ ૪૦૭૬૫ વાળા સાંજ ના સમયે લઈને આવેલા આ દર્દીનો અમારી હોસ્પીટલમાં ઓ.પી.ડી. / એમ. એલ. સી. કેસ કાઢવામાં આવેલો જે અસલ કેસ પેપર્સ આજરોજ હું મારી સાથે લાવેલ છું જે અમારી હોસ્પીટલના નિયત નમુનામાં છે જેમાં દર્દીને સારવાર આપનાર અલગ અલગ ડોકટરોએ તેમના હસ્તાક્ષરમાં બારનીશી ભરી સહીઓ કરેલ છે જે કુલ પેજ–૪૦ સંયુકત રીતે આંક–૪૨ થી રજુ રાખી જણાવે છે કે, દર્દીએ અમારી રૂબરૂ હિસ્ટ્રી આપેલ છે કે ''નાસતો ફરતો આરોપી – ઈમરાન ની બાતમી મને મળતા તેને પકડવા માટે હું ગેડીયા ગામની સીમમાં જયારે ગયો તે દરમ્યાન ઈમરાને મારા પર છરી વડે હુમલો કર્યો અને તેની સાથે અન્ય બે જણા હતા, બનાવની જગ્યા ગેડીયા ગામની સીમમાં, બનાવનો સમય ૦૬/૧૫ સાંજના, બનાવની તા.૨૯/૭/'૨૦ હતી, આ દર્દીને અમારી હોસ્પીટલમાં તા. ૨૯/૦૭/૨૦૨૦ નાં રોજ ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ કરેલ અને તા.૩૦/૦૭/૨૦૨૦ નાં રોજ હોસ્પીટલમાંથી રજા આપેલ, દર્દીને

તપાસતા નીચે મુજબની ઈજાઓ થયેલ હતી. ૧. ૧૨ x ૩ સેમી મસલ ડીપ અણીદાર ધા દાઢીના નીચેના ભાગેથી લઇને ગળાથી લઇને ડાબી બાજુના કાન સુધી હતો, ૨. ડાબી બાજુના કાને બુટના ભાગે ધા હતો – ઉપરોકત બંને ઈજાઓ સાદી અને તાજી હતી, સદરહુ દર્દીને અમારી હોસ્પીટલમાં સારવાર આપી તેના બ્લ્ડ સેમ્પલના નમુના લઇ એમ. એલ. સી. રૂમમાં જમા કરાવેલા, મને સારવાર સર્ટીફિકેટ બતાવવામાં આવે છે જે મારા હસ્તાક્ષરમાં છે જેમાં દર્દીને સારવાર આપ્યા અંગેની નોંધ કરી મારી સહી કરેલ છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવી આંક–૪૩ થી રજુ રાખેલ છે તેમજ હું આજરોજ મારી સાથે બ્લ્ડ સેમ્પલ તેમજ સારવાર સર્ટીફિકેટ મેળવવા પોલીસે લખેલ યાદીની સ્થળપ્રત લાવેલ છું જેમાં અમારી હોસ્પીટલના રેકર્ડ કીપરનો સીકકો અને સહી છે તેમ જણાવી ઓળખી બતાવી આંક–૪૪ થી રજુ રાખી અંતમાં એમ પણ જણાવે છે કે, હું આજરોજ મારી સાથે દર્દીના લીધેલ સેમ્પલો એફ.એસ.એલ. માં મોકલવા માટે તૈયાર કરી સાથે લખી આપેલ ફોરવર્ડીંગ લેટરની સ્થળપત્ર મારી સાથે લાવેલ છું જેમાં મારી સહી તથા હોસ્પીટલનો રાઉન્ડ શીલ છે અને જેમાં બ્લ્ડ સેમ્પલો સીલબંધ હાલતમાં મળ્યા અંગેનો બકલ નં. ૪૮૩ વાળા પોલીસ કર્મીની સહી છે તેમ જણાવી આંક–૪૫ થી રજુ રાખેલ છે.

**૧૬/૧.** સદરહું મેડીકલ ઓફિસર સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે આંક–૪૩ વાળા સર્ટી. માં કે હિસ્ટ્રીમાં આરોપી–રસુલ તથા શરીફ એવા કોઇ નામ લખાવેલ નથી, દર્દી મયુરભાઇ ચાવડાને અમારી સમક્ષ લાવેલા ત્યારે દર્દી સંપુર્ણ ભાનમાં હતા, મયુરભાઇએ છરી વડે હુમલો કરેલાનુ જણાવેલ છે પરંતે શરીરની કઇ જગ્યાએ છરી વડે ઇજા પહોંચાડેલ છે તે જણાવેલ નથી, મે મયુરભાઇની ઈજા બાબતે પુછપરછ કરેલી, મયુરભાઇને પોલીસ ફરીયાદ કરવાનુ કહેતા કહેલુ કે કેમ તે મને ચોકકસ હાલે યાદ નથી, મયુરભાઇએ મને પોલીસ ફરીયાદ કરવાનુ કહેલુ કે કેમ તે મને હાલે યાદ નથી. વધુમાં સદર સાહેદ એમ પણ સ્વીકારે છે કે ડી.ડી. લેવા મે એકઝી.મેજી.શ્રીને જાણ કરેલ હોય તેવુ બનેલ નથી – મારી હાજરીમાં આ દર્દી નામે – મયુરભાઇ ચાવડાનું ડી.ડી. લીધેલ હોય તેવુ બનેલ નથી, આ દર્દીને ઈજાજ સાદા પ્રકારની હતી આ પ્રકારની ઈજા

કોઇ અણીદાર વસ્તુ ઉપર વ્યકિત પડે તો થઇ શકે. આ ઈજા કેટલા દિવસમાં રીકવર થઇ શકે તેવી હતી તેવા સવાલના જવાબમાં જણાવે છે કે આ ઈજા ૧૫–૨૦ દિવસમાં રીકવર થઇ શકે તેવી હતી.

**૧૭.** આ કામે ફરીયાદ પક્ષે બનાવ તારીખે, સમયે તેમજ સ્થળે બનાવના કામે ઈજા પામનાર તેમજ ફરીયાદીની સાથે હાજર એવા સાહેદોને નીચે નોંધ્યા મુજબ તપાસેલા છે તેઓની સોગંદ પરની જુબાની ધ્યાને લેવામાં આવે તો,

**૧૮.** ફરીયાદ પક્ષે સાહેદ – શૈલેષભાઇ પ્રહલાદભાઇ કઠેવાડીયાનાંઓએ તેમનો આંક–૪૯ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, હું સને–૨૦૨૦ માં બજાણા પોલીસ સ્ટેશનમાં ડી–સ્ટાફમાં પો.કો. તરીકે મારી ફરજ બજાવતો હતો, હાલનો બનાવ ગઇ તારીખ : ૨૯/૦૭/૨૦૨૦ નાં રોજ બનેલો, બનાવના દિવસે હું તથા પો.કો. મયુરભાઇ ચાવડા, પી.એન.ઝાલા, અજયસિંહ ધર્મેન્દ્રસિંહઝાલા તથા નરેશભાઈ મેર એમ અમો બધા ખાનગી વાહનમાં પ્રોહી. જુગાર અંગેની ડ્રાઇવ હોય જેથી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય અમો પેટ્રોલીંગમાં ફરતા ફરતા ગેડીયા ગામે પહોંચતા અમોને ખાનગી રાહે બાતમી મળેલ કે, રસુલ નથુ ડફેર, શરીફ અલ્લારખા તથા ઈમરાન ઉર્ફે ચમચી આ બધા રસુલ નથુના દંગે હાજર હોય અને તેઓ સુરેન્દ્રનગર તથા મહેસાણા જીલ્લાના અલગ અલગ ગુનામાં વોન્ટેડ હોય જેથી તેઓને પકડવા માટે અમો તથા અમારી સાથેના સ્ટાફના માણસો ગેડીયા ગામે તળાવ પાસે સાંજના છએક વાગ્યાની આસપાસ પહોંચેલા ત્યાં દંગે હાજર રસુલ નથુ અમો સ્ટાફના માણસોને જોઇ ગયેલ જેથી તેના દંગા પાસે પડેલ પલ્સર મોટર સાયકલમાં ત્રણેય જણા એટલે કે રસુલ નથુ, શરીફ અલ્લારખા અને ઈમરાન ઉર્ફે ચમચી ત્રણેય બેસી ત્યાંથી નીકળી ગયેલા જેથી તેઓની પાછળ અમો સ્ટાફના માણસોએ પીછો કરેલો ત્યાં થોડે આગળ એક ખેતરમાં મોટર સાયકલ સ્લીપ મારી ગયેલ જેથી તેઓ પડી ગયેલા જેમાં ઈમરાન ઉર્ફે ચમચીને ઈજા થયેલી અને તેની સાથેના રસુલ નથુ અને શરીફ અલ્લારખા ત્યાંથી ભાગવા લાગેલ ત્યાં રસુલ નથુએ પોતાના હાથમાં તમંચા જેવુ હથીયાર અમારી સામે તાકેલુ અને અમોને કહેલ કે અહીંથી જતા રહો આ

તમારી સગી નહી થાય આ સાથે શરીફ અલ્લારખા પણ સાથે હતો અમો પણ અમારા હાથમાં લાકડી હોય તેમની સામે ગયેલા જેથી તે કટ્ટુ હથીયાર અમારા સામે તાકતા તાકતા પાછા પગે દોડવા લાગેલા ત્યાં હાજર પડી ગયેલા ઈમરાન નજીક અમો પહોંચતા ઈમરાને તેના નેફામાંથી એક છરી કાઢેલ અને અમારી સાથેના કોન્સ. મયુરભાઇને કાનના ભાગે અને ગળાના ભાગે છરી મારી દીધેલ બાદમાં ઈમરાને પોતાના હાથમાં રહેલ છરી અમારી સામે જેમ તેમ ફેરવવા લાગેલો જેથી જરૂરી બળપ્રયોગ કરી ઈમરાનને પકડી પાડેલ, બાદ અમારી સાથેના કોન્સ. મયુરભાઈ ચાવડાને વધારે ઈજા થયેલ હોય જેથી અમોએ પી.એસ. આઈ. એમ. કે. ઈસરાણી સાહેબનાંઓને બોલાવેલા તેમની સાથે એ. એસ.આઈ. મુળરાજસિંહ તથા સુરેશભાઈનાંઓ સરકારી વાહનમાં આવી ગયેલા જેથી અમારી સાથેના કોન્સ. મયુરભાઈને વધારે વાગેલુ હોય જેથી હું તથા કોન્સ. સુરેશભાઈ પ્રાઈવેટ ગાડીમાં તેઓને સુરેન્દ્રનગર ખાતે સી. યુ. શાહ. મેડીકલ કોલેજમાં સારવાર માટે લઈ ગયેલા અને ત્યાં હાજર ઈમરાન ઉર્ફે ચમચીને અન્ય પોલીસ સ્ટાફના માણસો સારવાર માટે દવાખાને લઈ ગયેલા. વધુમાં સદર સાહેદ એમ પણ જણાવે છે કે, આ બનાવની ફરીયાદ પી. એન. ઝાલા નાંઓએ બજાણા પોલીસ સ્ટેશનમાં આપેલી, સદર તપાસના કામે મારૂ નિવેદન લેવામાં આવેલું, મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૩ વાળી છરી બતાવવામાં આવે છે તે તે જ છે તેમ જણાવી આરોપીઓને ઓળખી બતાવે છે.

**૧૮/૧.** સદરહુ સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે દારૂ જુગાર સંબંધેના પેટ્રોલીંગમાં પોલીસ સ્ટેશનેથી સાંજના સાડા ચાર વાગ્યાની આસપાસ અમો બધા મોટર સાયકલ ઉપર નીકળેલા, મારા મોટર સાયકલ ઉપર મયુરભાઈ અમથુભાઈ ચાવડા હતાં બીજા સ્ટાફના માણસો પણ મોટર સાયકલ ઉપર હતાં, અમો ગેડીયા ગામે પહોંચ્યા ત્યાં સુધીમાં અમોને દારૂ જુગાર અંગેની કોઈ માહિતી મળેલ નહીં.

**૧૯.** આ કામે ફરીયાદ પક્ષે સાહેદ – અજયસિંહ ધર્મેન્દ્રસિંહ ઝાલા નાંઓએ તેમનો આંક–૫૦ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, હું સને–૨૦૨૦ માં માલવણ બજાણા પોલીસ સ્ટેશનમાં ડી–સ્ટાફમાં પો.કો.

તરીકે મારી ફરજ બજાવતો હતો, હાલનો બનાવ ગઈ તા. ૨૯/૦૭/૨૦૨૦ નાં રોજ બનેલો, બનાવના દિવસે હું તથા પો.કો. મયુરભાઈ ચાવડા, પી. એન. ઝાલા, શૈલેષભાઈ તથા નરેશભાઈ મેર એમ અમો બધા ખાનગી વાહનમાં પ્રોહી. જુગાર અંગેની ડ્રાઈવ હોય જેથી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય અમો પેટ્રોલીંગમાં ફરતા ફરતા ગેડીયા ગામે પહોંચતા અમોને ખાનગી રાહે બાતમી મળેલ કે, રસુલ નથુ ડફેર, શરીફ અલ્લારખા તથા ઈમરાન ઉર્ફે ચમચી આ બધા રસુલ નથુના દંગે હાજર હોય અને તેઓ સુરેન્દ્રનગર તથા મહેસાણા જીલ્લાના અલગ અલગ ગુનામાં વોન્ટેડ હોય જેથી તેઓને પકડવા માટે અમો તથા અમારી સાથેના સ્ટાફના માણસો ગેડીયા ગામે તળાવ પાસે સાંજના છએક વાગ્યાની આસપાસ પહોંચેલા ત્યાં દંગે હાજર રસુલ નથુ અમો સ્ટાફના માણસોને જોઈ ગયેલ જેથી તેના દંગા પાસે પડેલ પલ્સર મોટર સાયકલમાં ત્રણેય જણા એટલે કે રસુલ નથુ, શરીફ અલ્લારખા અને ઈમરાન ઉર્ફે ચમચી ત્રણેય બેસી ત્યાંથી નીકળી ગયેલા જેથી તેઓની પાછળ અમો સ્ટાફના માણસોએ પીછો કરેલો ત્યાં થોડે આગળ એક ખેતરમાં મોટર સાયકલ સ્લીપ મારી ગયેલ જેથી તેઓ પડી ગયેલા જેમાં ઈમરાન ઉર્ફે ચમચીને ઈજા થયેલી અને તેની સાથેના રસુલ નથુ અને શરીફ અલ્લારખા ત્યાંથી ભાગવા લાગેલ ત્યાં રસુલ નથુએ પોતાના હાથમાં તમંચા જેવુ હથીયાર અમારી સામે તાકેલુ અને અમોને કહેલ કે અહીંથી જતા રહો આ તમારી સગી નહી થાય આ સાથે શરીફ અલ્લારખા પણ સાથે હતો અમો પણ અમારા હાથમાં લાકડી હોય તેની સામે ગયેલા જેથી તે કટ્ટુ હથીયાર અમારા સામે તાકતા તાકતા પાછા પગે દોડવા લાગેલા ત્યાં હાજર પડી ગયેલા ઈમરાન નજીક અમો પહોંચતા ઈમરાને તેના નેફામાંથી એક છરી કાઢેલ અને અમારી સાથેના કોન્સ. મયુરભાઈને કાનના ભાગે અને ગળાના ભાગે છરી મારી દીધેલ બાદમાં ઈમરાને પોતાના હાથમાં રહેલ છરી અમારી સામે જેમ તેમ ફેરવવા લાગેલો જેથી જરૂરી બળપ્રયોગ કરી ઈમરાનને પકડી પાડેલ, બાદ અમારી સાથેના કોન્સ. મયુરભાઈ ચાવડાને વધારે ઈજા થયેલ હોય જેથી અમોએ પી.એસ. આઈ. એમ. કે. ઈસરાણી સાહેબનાંઓને બોલાવેલા તેમની સાથે એ. એસ.આઈ. મુળરાજસિંહ તથા સુરેશભાઈનાંઓ સરકારી વાહનમાં આવી ગયેલા જેથી અમારી સાથેના કોન્સ. મયુરભાઈને વધારે વાગેલુ હોય

જેથી પી.એન.ઝાલા તથા પો.કોન્સ. સુરેશભાઇ પ્રાઇવેટ ગાડીમાં તેઓને સુરેન્દ્રનગર ખાતે સી.યુ.શાહ. મેડીકલ કોલેજમાં સારવાર માટે લઇ ગયેલા. વધુમાં સદર સાહેદે એમ પણ જણાવેલુ છે કે, ત્યારબાદ અમો તથા નરેશ ભાઇ રાયમલભાઇ મેર તથા શૈલેષભાઇ કઠેવાડીયા પ્રાઇવેટ વ્હીકલમાં મયુરભાઇ ની સારવાર ચાલતી હતી તે સી.યુ.શાહ હોસ્પીટલ ખાતે ગયેલા અને ત્યાં મયુરભાઇને ૪૫ ટાંકા આવેલા, ત્યારબાદ થોડીવાર પછી અમારા સ્ટાફના માણસો આરોપી–ઇમરાન ઉર્ફે ચમચીને સારવાર માટે સી.યુ.શાહ હોસ્પીટલ–સુરેન્દ્રનગર ખાતે દવાખાને લાવેલા, ઇમરાનનું સી.ટી.સ્કેન કરી સારવાર માટે પોલીસ બંદોબસ્ત સાથે દાખલ કરેલ અને તે દરમ્યાન આરોપી–ઇમરાન મોડા સુધી ભાનમાં ન આવતા તેને અમદાવાદ સીવીલ હોસ્પીટલ ખાતે ટ્રાન્સફર કરવાનું જણાવવામાં આવતા હું તથા મારી સાથેના પો.કો. સુરેશભાઇ મુંધવા ખાનગી એમ્બ્યુલન્સમાં સુરેન્દ્રનગર થી માલવણ થઇ અમદાવાદ જવા નીકળેલા તે દરમ્યાન રાતના ત્રણેક વાગ્યાની આસ પાસ અણીન્દ્રા ગામ આજુબાજુ પહોંચતા આરોપી–ઇમરાનને થોડુ ધણુ ભાન આવતા પાછળની સાઇડ પગ પછાડવા લાગેલો જેથી અમોએ એમ્બ્યુલન્સના ડ્રાઇવરને ગાડી સાઇડમાં રાખવા જણાવેલ એ દરમ્યાન આરોપી–ઇમરાને સુરેશભાઇ મુંધવાને છાતીના ભાગે પાટુ મારી દરવાજો ખોલી પાછળથી ભાગી ગયેલ અમો તથા સાથેના સુરેશ ભાઇ આરોપી–ઇમરાનને શોધવા લાગેલા અને અમારા સાહેબને જાણ કરતા એસ.ઓ.જી. તથા એલ.સી.બી. સ્ટાફ ત્યાં આવી જતા અમો બધાએ તેની શોધખોળ કરતા આરોપી મળી આવેલ નહીં, આરોપી – ઇમરાન પોલીસ જાપ્તામાંથી નાશી ગયા અંગેની મે જોરાવરનગર પોલીસ સ્ટેશનમાં અલગથી ફરીયાદ આપેલી, મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૩ વાળી છરી બતાવવામાં આવે છે તે તે જ છે તેમ જણાવી આરોપીઓને ઓળખી બતાવે છે.

**૧૯/૧.** સદરહુ સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે દારૂ જુગાર સંબંધેના પેટ્રોલીંગમાં પોલીસ સ્ટેશનેથી સાંજના સાડા ચાર વાગ્યાની આસપાસ અમો બધા મોટર સાયકલ ઉપર નીકળેલા, મારા મોટર સાયકલ ઉપર હું તથા પી. એન. ઝાલા હતાં બીજા સ્ટાફના માણસો પણ મોટર સાયકલ ઉપર હતાં, અમો ગેડીયા ગામે

પહોંચ્યા ત્યાં સુધીમાં અમોને દારૂ જુગાર અંગેની કોઈ માહિતી મળેલ નહીં. વધુમાં સાહેદ જણાવે છે કે એ વાત ખરી છે કે મે આ ગુનાની તપાસના કામે અમારા અધિકારીને જોરાવરનગર પોલીસ સ્ટેશનમાં મે કરેલ ફરીયાદની નકલ આપેલ હોય તેવુ બનેલ નથી, મે આ ગુનાના કામે મારૂ નિવેદન ફરીયાદ થયા બાદ બીજા દિવસે લખાવેલ હશે, ખાનગી એમ્બ્યુલન્સના માલિક તેમજ ડ્રાઈવર વિશે મે કોઈ હકીકત મારા નિવેદનમાં લખાવેલ નથી અને સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આ એમ્બ્યુલન્સનો રજીસ્ટ્રેશન નંબર લખાવેલો.

**૨૦.** આ કામે ફરીયાદ પક્ષે સાહેદ – નરેશભાઈ રાયમલભાઈ મેર નાંઓએ તેમનો આંક–૬૧ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, હું સને–૨૦૨૦ માં માલવણ બજાણા પોલીસ સ્ટેશનમાં ડી–સ્ટાફમાં પો.કો. તરીકે મારી ફરજ બજાવતો હતો, હાલનો બનાવ ગઈ તા. ૨૯/૦૭/૨૦૨૦ નાં રોજ બનેલો, બનાવના દિવસે હું તથા પો.કો. મયુરભાઈ ચાવડા, પી. એન. ઝાલા, શૈલેષભાઈ તથા અજયસિંહ એમ અમો બધા ખાનગી વાહનમાં પ્રોહી. જુગાર અંગેની ડ્રાઈવ હોય જેથી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય અમો પેટ્રોલીંગમાં ફરતા ફરતા ગેડીયા ગામે પહોંચતા હે.કો. પી. એન. ઝાલા નાંઓને ખાનગી રાહે બાતમી મળેલ કે, રસુલ નથુ ડફેર, શરીફ અલ્લારખા તથા ઈમરાન ઉર્ફે ચમચી આ બધા રસુલ નથુના દંગે હાજર હોય અને તેઓ સુરેન્દ્રનગર તથા મહેસાણા જીલ્લાના અલગ અલગ ગુનામાં વોન્ટેડ હોય જેથી તેઓને પકડવા માટે અમો તથા અમારી સાથેના સ્ટાફના માણસો ગેડીયા ગામે તળાવ પાસે સાંજના છએક વાગ્યાની આસપાસ પહોંચેલા ત્યાં દંગે હાજર રસુલ નથુ અમો સ્ટાફના માણસોને જોઈ ગયેલ જેથી તેના દંગા પાસે પડેલ પલ્સર મોટર સાયકલમાં ત્રણેય જણા એટલે કે રસુલ નથુ, શરીફ અલ્લારખા અને ઈમરાન ઉર્ફે ચમચી ત્રણેય બેસી ત્યાંથી નીકળી ગયેલા જેથી તેઓની પાછળ અમો સ્ટાફના માણસોએ પીછો કરેલો ત્યાં થોડે આગળ એક ખેતરમાં મોટર સાયકલ સ્લીપ મારી ગયેલ જેથી તેઓ પડી ગયેલા જેમાં ઈમરાન ઉર્ફે ચમચીને ઈજા થયેલી અને તેની સાથેના રસુલ નથુ અને શરીફ અલ્લારખા ત્યાંથી ભાગવા લાગેલ ત્યાં રસુલ નથુએ પોતાના હાથમાં તમંચા જેવુ હથીયાર અમારી સામે તાકેલુ અને અમોને કહેલ કે અહીંથી જતા રહો આ

તમારી સગી નહી થાય આ સાથે શરીફ અલ્લારખા પણ સાથે હતો અમો પણ અમારા હાથમાં લાકડી હોય તેની સામે ગયેલા જેથી તે કટુ હથીયાર અમારા સામે તાકતા તાકતા પાછા પગે દોડવા લાગેલા ત્યાં હાજર પડી ગયેલા ઈમરાન નજીક અમો પહોંચતા ઈમરાને તેના નેફામાંથી એક છરી કાઢેલ અને અમારી સાથેના કોન્સ. મયુરભાઈને કાનના ભાગે અને ગળાના ભાગે છરી મારી દીધેલ બાદમાં ઈમરાને પોતાના હાથમાં રહેલ છરી અમારી સામે જેમ તેમ ફેરવવા લાગેલો જેથી જરૂરી બળપ્રયોગ કરી ઈમરાનને પકડી પાડેલ, બાદ અમારી સાથેના કોન્સ. મયુરભાઈ ચાવડાને વધારે ઈજા થયેલ હોય જેથી અમોએ પી.એસ. આઈ. એમ. કે. ઈસરાણી સાહેબનાંઓને બોલાવેલા તેમની સાથે એ. એસ.આઈ. મુળરાજસિંહ તથા સુરેશભાઈનાંઓ સરકારી વાહનમાં આવી ગયેલા જેથી અમારી સાથેના કોન્સ. મયુરભાઈને વધારે વાગેલુ હોય જેથી પી.એન.ઝાલા તથા પો.કોન્સ. સુરેશભાઈ પ્રાઈવેટ ગાડીમાં તેઓને સુરેન્દ્રનગર ખાતે સી.યુ.શાહ. મેડીકલ કોલેજમાં સારવાર માટે લઈ ગયેલા. વધુમાં સદર સાહેદે એમ પણ જણાવેલુ છે કે, ત્યારબાદ અમો તથા અજયસિંહ તથા શૈલેષભાઈ કઠેવાડીયા પ્રાઈવેટ વ્હીકલમાં મયુરભાઈની સારવાર ચાલતી હતી તે સી. યુ. શાહ હોસ્પીટલ ખાતે ગયેલા અને ત્યાં મયુરભાઈને ૪૫ ટાંકા આવેલા ત્યારબાદ થોડીવાર પછી અમારા સ્ટાફના માણસો આરોપી – ઈમરાન ઉર્ફે ચમચીને સારવાર માટે સી.યુ.શાહ હોસ્પીટલ – સુરેન્દ્રનગર ખાતે દવાખાને લાવેલા, ઈમરાનનું સી.ટી.સ્કેન કરી સારવાર માટે પોલીસ બંદોબસ્ત સાથે દાખલ કરેલ અને તે દરમ્યાન આરોપી–ઈમરાન મોડા સુધી ભાનમાં ન આવતા તેને અમદાવાદ સીવીલ હોસ્પીટલ ખાતે ટ્રાન્સફર કરવાનું જણાવવામાં આવતા અજયસિંહ તથા સાથેના પો.કો. સુરેશભાઈ મુંધવા ખાનગી એમ્બ્યુલન્સમાં સુરેન્દ્રનગર થી માલવણ થઈ અમદાવાદ જવા નીકળેલા, ત્યારબાદ અમો પોલીસ સ્ટેશને ગયેલા અને અમોને બીજા દિવસે સવારે ખબર પડેલી કે ઈમરાન ઉર્ફે ચમચીને અમદાવાદ સારવાર સારૂ એમ્બ્યુલન્સમાં લઈ જતા હતા ત્યારે આ ઈમરાન ઉર્ફે ચમચી એમ્બ્યુલન્સમાંથી કુદકો મારીને ભાગી ગયેલ તેમ જણાવી આરોપીઓ ને ઓળખી બતાવે છે.

**૨૦/૧.** સદરહુ સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ

જણાવેલ છે કે, એ વાત ખરી છે કે દારૂ જુગાર સંબંધેના પેટ્રોલીંગમાં પોલીસ સ્ટેશનેથી સાંજના સાડા ચાર વાગ્યાની આસપાસ અમો બધા મોટર સાયકલ ઉપર નીકળેલા, મારા મોટર સાયકલ ઉપર હુ એકલો હતો બીજા સ્ટાફના માણસો પણ મોટર સાયકલ ઉપર હતાં, અમો ગેડીયા ગામે પહોંચ્યા ત્યાં સુધીમાં અમોને દારૂ જુગાર અંગેની કોઇ માહિતી મળેલ નહીં. વધુમાં સાહેદ જણાવે છે કે એ વાત ખરી છે કે હું બીજા પોલીસ વાળાઓ સાથે દંગામાં ગયેલ નહીં.

**૨૧.** આ કામે ફરીયાદ પક્ષે સાયન્ટીફિક ઓફિસર સાહેદ – ચીરાગકુમાર દશરથલાલ પટેલ નાંઓએ તેમનો આંક–૫૧ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, હાલમાં હું મોબાઇલ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી– મહેસાણા ખાતે તા. ૧૦/૧૨/૨૦૨૦ થી સાઇન્ટીફિક ઓફિસર તરીકે મારી ફરજ બજાવુ છું આ પહેલા હું મોબાઇલ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી – સુરેન્દ્રનગર ખાતે સાયન્ટીફિક ઓફિસર તરીકે તા. ૧૭/૦૫/૨૦૧૮ થી તા. ૦૯/૧૨/૨૦૨૦ સુધી ફરજ બજાવતો હતો, મે એમ.એસ.સી. પી.એચ.ડી. સુધીનો અભ્યાસ કરેલ છે. વધુમાં સાહેદ જણાવે છે કે, ગઇ તારીખ : ૩૦/૦૭/૨૦૨૦ નાં રોજ હું મારી ફરજ ઉપર હાજર હતો તે દરમ્યાન બપોરે ૧૪/૪૦ કલાકે પોલીસ કન્ટ્રોલ – સુરેન્દ્રનગર તરફથી બજાણા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ફ. ૩૪૬/૨૦૨૦ ના કામે બનાવ સ્થળનું ફોરેન્સીક ઇન્વેસ્ટીગેશનનો વોટસએપ ધ્વારા મેસેજ મળેલ હતો તથા તારીખ : ૩૦/૦૭/૨૦૨૦ નાં રોજ સાંજે ૧૭/૦૦ થી ૧૮/૩૦ કલાક દરમ્યાન અમોએ બનાવ સ્થળની ફોરેન્સીક તપાસ કરેલી, સદર બનાવના કામે બનાવ સ્થળની મુલાકાત લીધા પહેલા અમો પોલીસ સ્ટેશન ગયેલા અને તપાસ કરનાર અધિકારી શ્રી એમ. કે. ઇસરાણી પી.એસ.આઇ. ધ્વારા અમોને બનાવની ટુંક વિગતથી માહિતગાર કરવામાં આવેલ અને ત્યારબાદ અમોએ બનાવ સ્થળની મુલાકાત લીધેલી. વધુમાં સદર સાહેદે એમ પણ જણાવેલુ છે કે, ત.ક.અ. ધ્વારા બતાવવામાં આવેલ બનાવ સ્થળ ગેડીયા ગામની સીમમાં મોરીયાના મારગે આવેલ અશરફખાન સાહેલખાન મલેકનું ખેતર હતુ, સદર બનાવ સ્થળે જીણવટપૂર્વક નિરીક્ષણ કરતા સદર ખેતરમાં એરંડાનું વાવેતર

હતુ અને એરંડા પાંચ થી છ ફુટની ઉંચાઇ ધરાવતા હતા, સદર ખેતરના દક્ષીણ શેઢેથી ઉત્તરે આશરે ૮૦ ફુટ દુર તથા પશ્ચીમ શેઢેથી પૂર્વ તરફ આશરે ૭૦ ફુટ દુર ખેતરમાં આશરે અડધા ફુટના ઘેરાવામાં ખોતરેલી ભુખરા રંગના ડાઘા વાળી ભીની માટી હતી સદર ડાઘા વાળી માટીનું પ્રાથમિક રાસાયણીક પરીક્ષણ કરતા સદર માટીમાં રૂધીરની હાજરી હોવાની શકયતા જણાયેલી આ ઉપરાંત સદર ડાઘાની ફરતે આશરે ૧૦ ફુટના ઘેરાવાની ખેતરની માટી દબાયેલી અને ખેતરના અન્ય ભાગની માટીથી વિક્ષેપીત થઇને છુટ્ટી પડતી હતી, આ ઉપરાંત સદર જગ્યાએ અન્ય કોઇ બનાવ સંબંધીત શંકાસ્પદ ડાઘા, ચિન્હો કે વસ્તુઓ જોવા મળેલ ન હતાં, તપાસ અધિકારીશ્રીના જણાવ્યા મુજબ સદર બનાવવાળી જગ્યાએથી અગાઉ તેઓએ પંચો રૂબરૂ રૂધિરના શંકાસ્પદ ડાઘા વાળી માટી, કન્ટ્રોલ માટી અને એક છરી કબજે કરેલી હતી જે વધુ પૃથ્થકરણ અર્થે એફ.એસ.એલ. માં મોકલવા સુચવેલ, આ ઉપરાંત સદર બનાવ સ્થળેથી મળી આવેલ મોટર સાયકલ બજાણા પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં રાખવામાં આવેલ હતુ જે તપાસ કરનાર અમલદાર ધ્વારા તપાસ કરવાનુ જણાતા તેમની હાજરીમાં તેનું પરીક્ષણ કાર્ય કરવામાં આવેલ, સદર મોટર સાયકલ બજાજ કંપનીનું ડી.ટી.એસ.–આઇ. પલ્સર મોડેલનું તથા કાળા રંગનું અને લાલ રંગની પટ્ટીની ડીઝાઇન વાળુ હતુ, સદર મોટર સાયકલનો મોરો તુટેલ હતો આગલા ટાયરનો પંખો ન હતો તથા આગલી કે પાછલી નંબર પ્લેટ ન હતી તેના લોકનો ભાગ તોડી નાંખેલ તથા તેની જગ્યાએ મેન્યુઅલ સ્વીચ લગાવેલી હતી, આ ઉપરાંત તેનો એન્જીન નંબર તથા ચેસીસ નંબર ખોતરીને કાઢી નાંખવામાં આવેલ હતો આ ઉપરાંત અન્ય કોઇ શંકાસ્પદ ચિન્હો જોવા મળેલ ન હતાં, બનાવ સ્થળ તથા વાહન ની તપાસણીના અંતે તપાસ કરતા અધિકારીશ્રીને બનાવ સંબંધે જરૂરી સુચનો કરેલા જે મારા અહેવાલમાં વિગતવાર દર્શાવેલ છે મે વિગતવાર અહેવાલ તૈયાર કરેલો, મને પરીક્ષણ અહેવાલ બતાવવામાં આવે છે જે મારા હસ્તાક્ષરમાં છે જેમાં મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવી પરીક્ષણ અહેવાલ આંક–૫૨ થી રજુ રાખેલ છે.

**૨૧/૧.** સદરહું સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે મે મારા આંક–૫૨ વાળા રીપોર્ટમાં સદર

મોટર સાયકલનો મોરો તુટેલ હતો આગલા ટાયરનો પંખો ન હતો તથા આગલી કે પાછલી નંબર પ્લેટ ન હતી ની હકીકત લખેલ નથી તેમજ સ્વીકારે છે કે આંક–પર વાળા રીપોર્ટમાં બનાવવાળી જગ્યાની ચર્તુદિશા બતાવેલી નથી, અમોએ અહેવાલમાં જણાવેલ સુચનોની અમલવારી થયેલ છે કે કેમ તે હું કહી શકુ નહીં, હું પોલીસ સ્ટેશને ગયો ત્યારે ત.ક.અ.શ્રીએ બનાવની ટુંકી વિગતે અમોને માહિતગાર કરેલ.

**૨૨.** આ કામે ફરીયાદ પક્ષે સર્કલ ઓફિસર રેવન્યુ સાહેદ – અરૂણકુમાર સમશેરબહાદુર યાદવ નાંઓએ તેમનો આંક–પ૩ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, હું સને–૨૦૨૦/૨૧ માં સર્કલ ઓફિસર રેવન્યુ – મામલતદાર કચેરી – પાટડી ખાતે ફરજ બજાવતો હતો તે દરમ્યાન બનાવ વાળી જગ્યાનો નકશો બનાવવા માટે અમારા મામલતદારશ્રીને પો.સ.ઈ. બજાણા નાંઓએ તા. ૦૨/૦૮/૨૦૨૦ ના રોજ પત્ર લખી જાણ કરેલી ત્યાર બાદ મામલતદાર સાહેબે મને તા. ૨૮/૧૨/૨૦૨૦ નાં રોજ બનાવવાળી જગ્યાનો નકશો બનાવવા માટે લેખીત હુકમ આપેલો, અમોને મળેલ હુકમના આધારે અમોએ બનાવવાળી જગ્યાએ એટલે કે ગેડીયા ગામે ગામની પાછળ ના ભાગમાં સીમ જમીને આવેલ ખેતરમાં બનાવ બનેલ હોવાની માહિતી પોલીસ તરફથી મળતા બનાવવાળી જગ્યાનું પંચનામું કરવા અમો તા. ૦૭/૦૧/૨૦૨૧ ના રોજ ગયેલા અને ત્યાં જઈ બે પંચો નામે – અહેમદભાઈ ભીખાભાઈ સીપાઈ તથા સાજીદખાન ખાનાજી ઉર્ફે કાળુખાન જત મલેકની હાજરીમાં બનાવ વાળી જગ્યાનું પંચ રોજકામ કરેલ અને બનાવવાળી જગ્યા નો નકશો બનાવેલ, આ બનાવવાળી જગ્યાની ચર્તુદીશા જોતા ઉત્તરમાં અશરફખાન સાહેબખાન વિ. નું ખેતર સ.ન. ૭૧૨ અને પછી સ.નં. ૭૧૬ હતો દક્ષીણમાં સ.નં. ૭૦૪ તથા પૂર્વમાં સ.નં. ૭૦૯ તથા ૭૧૦ તથા ૭૧૧ હતા અને પશ્ચીમમાં કાચો માર્ગ અને સ.નં. ૭૧૩ હતો, બનાવ સર્વે નં. ૭૧૨ માં બનેલો અને તે જગ્યા મારા નકશામાં બનાવવાળી જગ્યા તરીકે દર્શાવેલ છે આ જગ્યાનું પંચ રોજકામ કરી નકશો તૈયાર કરી તેમાં બે પંચોની સહી લઈ રૂબરૂ તરીકે મારી સહી કરી અલગ યાદી સાથે અસલ નકશો અને પંચ રોજકામ પોલીસને મોકલી આપેલ. વધુમાં સદર સાહેદે જણાવેલુ છે કે, મને

ફોરવર્ડીંગ પત્ર બતાવવામાં આવે છે જે અસલ પંચ રોજકામ તથા નકશો પોલીસને મોકલતા સમયે મારી સહીથી લખેલ પત્ર છે જેમાં મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવી આંક–પ૪ થી રજુ રાખેલ છે, મને પંચ રોજકામ બતાવવામાં આવે છે જે પંચ રોજકામ બનાવવાળી જગ્યાએ બે પંચોની હાજરીમા મે કરેલ છે જે મારા હસ્તાક્ષરમાં છે જેમાં મારી સહી તથા પંચોની સહી છે તેમ જણાવી સહીઓ ઓળખી બતાવી આંક–પપ થી રજુ રાખેલ છે તેમજ મને નકશો બતાવવામાં આવે છે જે નકશો બનાવવાળી જગ્યાએ બે પંચોની હાજરીમા મે કરેલ છે જે મારા હસ્તાક્ષરમાં છે જેમાં મારી સહી તથા પંચોની સહી છે તેમ જણાવી સહીઓ ઓળખી બતાવી આંક–પ૬ થી રજુ રાખેલ છે અને મને પત્ર બતાવવામાં આવે છે જે બનાવવાળી જગ્યાનો નકશો તૈયાર કરવા પોલીસ તરફથી અમારી કચેરીને લખાયેલ પત્ર છે જે ઓળખી બતાવી આંક–પ૭ થી રજુ રાખેલ છે.

**૨૨/૧.** સદરહુ સાહેદની આરોપી પક્ષે ઉલટતપાસ કરતા સાહેદે જણાવેલ છે કે મે આ અગાઉ બીજા કામે નકરશો બનાવવાનું કામ કરેલ છે અને સ્વીકારે છે કે પંચનામાની કામગીરી તા. ૦૭/૦૧/'૨૧ ના રોજ કરેલી, અમારી કચેરીને પત્ર મળ્યો અને પંચનામાની કામગીરી થઇ તે વચ્ચેના સમયગાળા દરમ્યાન આ કામગીરી કેમ કરવા ગયેલ નથી તે બાબતેની હકીકત પંચ રોજકામમાં જણાવેલ નથી, પંચ રોજકામ અને નકશો તૈયાર કરતા પહેલા ગુના સંબંધેની માહિતી પોલીસ પાસેથી મેળવેલી, પંચ રોજકામમાં અને નકશામાં પંચ રોજકામ કયારે શરૂ કર્યુ અને કયારે પુરૂ કર્યુ તેનો સમય જણાવેલ નથી, નકશામાં પંચોની ઉમર અને સરનામુ દશા"વેલ નથી, પંચ રોજકામ અને નકશામાં સર્વે નંબરો જણાવેલા છે તેના નામ દર્શાવેલ નથી.

**૨૩.** આ કામે ફરીયાદ પક્ષે બજાણા પોલીસ સ્ટેશનમાં પી.સી.આર. વાહન હાઇવે પેટ્રોલીંગમાં હાજર એવા સાહેદોને હાલના બનાવની જાણ થતા અને બનાવ સ્થળે જવા મેસે મળતાં બનાવ સ્થળે જનાર એવા સાહેદોને નીચે નોંધ્યા મુજબ તપાસેલા છે તેઓની સોગંદ પરની જુબાની ધ્યાને લેવામાં આવે તો,

**૨૪.** ફરીયાદ પક્ષે સાહેદ – યશપાલસિંહ ધનશ્યામસિંહ રાઠોડનાંઓએ તેમનો આંક–૬૨ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, હું ગઈ તા.૨૯/૭/૨૦ નાં રોજ બજાણા પોલીસ સ્ટેશનમાં પી.સી.આર. વાનમાં હાઈવે પેટ્રોલીંગમાં હતો તે દરમ્યાન બજાણા પોલીસ સ્ટેશનન પી.એસ. આઇ. શ્રી ઇસરાણી સાહેબનો અમારા ઉપર ફોન આવેલ કે આપડા ડી– સ્ટાફના માણસોએ ગેડીયા ગામે આરોપી ડફેરને પકડેલ છે તથા પો.કો. મયુરભાઈને છરી વાગેલ છે જેથી પોલીસ સ્ટેશને હાજર માણસોને લઈને તાત્કાલીક ગેડીયા ગામે પહોંચો જેથી પોલીસ સ્ટેશને હાજર માણસોમાં દિગ્વીજયસિંહ ઝાલા તથા દેવેન્દ્રભાઈ ઉમરાણીયા નાંઓને સાથે લઈ બનાવ વાળી જગ્યાએ પહોંચતા ત્યાં પી.એસ.આઈ. સાહેબ તથા અન્ય સ્ટાફના માણસો સરકારી વાહન લઈ આવી ગયેલા હતા ત્યાં જઈ જોતા મયુરભાઈને કાનની નીચેના ભાગે વાગેલ હતુ અને બાજુમાં ઈમરાન ઉર્ફે ચમચીને ઈજા થયેલી હતી જેથી પી.એસ.આઈ. સાહેબે અમોને પી.સી.આર. માં ઈમરાન ઉર્ફે ચમચીને લઈને પાટડી સી.એચ.સી. ખાતે સારવારમાં લઈ જવાનું કહેલ જેથી હું તથા દિગ્વીજયસિંહ તથા દેવેન્દ્રભાઈનાંઓ ઈમરાનને પી.સી.આર. માં પાછળની સીટમાં સુવડાવી પાટડી સી.એચ.સી. ખાતે લઈ ગયેલા પાછળ પાછળ પી.એસ.આઈ. સાહેબ તથા અન્ય સ્ટાફના માણસો પણ આવી ગયેલા ત્યાં પાટડી સી.એચ.સી. ખાતે ઈમરાનની સારવાર કરાવવામાં આવેલી અને વધુ સારવાર માટે સુરેન્દ્રનગર ટી.બી.હોસ્પીટલ લઈ જવામાં આવેલા જયાંથી અમો પી.એસ.આઈ. સાહેબની સુચનાથી બજાણા પોલીસ સ્ટેશન ખાતે પી.સી.આર. લઈને પરત આવેલા, અમોને રાત્રે ત્રણ વાગ્યે બજાણા પોલીસ સ્ટેશનથી વર્ધી મળેલ કે ઈમરાન ઉર્ફે ચમચી અણીન્દ્રા ગામ પાસે પોલીસ જાપ્તામાંથી ભાગી ગયેલ છે જેથી પી.સી.આર. લઈને બનાવ વાળી જગ્યાએ પહોંચો જેથી બનાવવાળી જગ્યાએ પહોંચતા અન્ય સ્ટાફના માણસો તથા એલ.સી.બી. તથા એસ.ઓ.જી. ના માણસો પણ હાજર હોય અલગ અલગ ટીમો બનાવી વહેલી સવાર સુધી સર્ચ કરતા આરોપી મળી આવેલ નહીં જેથી વહેલી સવારે અમો પોલીસ સ્ટેશને પરત આવેલા. વધુમાં સદર સાહેદે જણાવેલુ છે કે, સર્વેલન્સ સ્કવોડના પો.કો. અજયસિંહ ઝાલા નાંઓને બનાવની વિગત પુછતા તેમણે જણાવેલ કે અમો સર્વેલન્સ સ્ટાફના

માણસો પ્રોહી. જુગાર ડ્રાઇવ અનુસંધાને પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.હે.કો. પી. એન. ઝાલા નાંઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે મહેસાણા જીલ્લાનો વોન્ટેડ આરોપી – રસુલ નથુ ડફેર તથા તેનો બનેવી ઇમરાન ઉર્ફે ચમચી તથા સુરેન્દ્રનગર જીલ્લાનો નાસતો ફરતો આરોપી – શરીફ અલ્લારખા નાંઓ ડફેરના દંગે હોવાની બાતમી હકીકતના આધારે ત્યાં પહોંચતા પોલીસને જોઇને ત્રણેય આરોપીઓ પલ્સર મોટર સાયકલ લઇને નાશી ગયેલ અને પાછળ પાછળ પોલીસે પીછો કરેલ અને આગળ જતા પલ્સર મોટર સાયકલ સ્લીપ ખાઇ જતા નીચે પડી ગયેલ અને પાછળ પાછળ પોલીસ ત્યાં પહોંચતા ઇમરાન ઉર્ફે ચમચી ને વધારે વાગેલ હોવાથી જેમ તેમ નેફામાંથી છરી કાઢી જેમ તેમ ફેરવતા મયુરભાઇ નાંઓને મોઢાની નીચેના ભાગે છરીનો ધા વાગેલ જે બનાવની હકીકત અમોને અજયસિંહ ઝાલા નાંઓ એ જણાવેલી, આરોપી ભાગી જવાનું પુછતા અજયસિંહ ઝાલાએ જણાવેલ કે મયુરભાઇનાંઓને સુરેન્દ્રનગર ટી. બી. હોસ્પીટલમાં લાવેલ અને જેઓની પાછળ પાછળ અમો પણ આવેલા અને ત્યાં થોડીવારમાં પી.એસ.આઇ. સાહેબ તથા અન્ય સ્ટાફના માણસો ઇમરાન ઉર્ફે ચમચીને પણ લઇને આવેલા અને ત્યાં ઇમરાન નું સીટી સ્કેન કરાવેલ અને આગળની સારવાર માટે અમદાવાદ રીફર કરવાનું કહેતા પી.એસ.આઇ. સાહેબના હુકમથી અમો તથા સાથેના સુરેશભાઇ મુંધવાનાંઓ એમ્બ્યુલન્સમાં આરોપીને લઇ સુરેન્દ્ર નગર થી માલવણ થી અમદાવાદ તરફ જવા નીકળેલા ત્યારે અણીન્દ્રા પાસે પહોંચતા આરોપીને ભાન આવેલ અને તરફડીયા મારવા લાગેલ અને એમ્બ્યુલન્સના દરવાજાને પાટુ મારી દરવાજો ખોલી અંધારાનો લાભ લઇ નાશી ગયેલ તેવું અમોને જણાવેલું, આ સમગ્ર બનાવની ફરીયાદ પરીક્ષીત સિંહ નરેન્દ્રસિંહ ઝાલા નાંઓએ આપેલી અને બનાવ અંગે પોલીસે મારૂ નિવેદન લીધેલું, તેમ જણાવી આરોપીઓને ઓળખી બતાવે છે અને જણાવે છે કે આ બંનેમાંથી કોઇ આરોપી – ઇમરાન નથી

**૨૪/૧.** સદરહુ સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે બનાવની જાણ થઇ તે વખતે અમો હાઇવે ઉપર પેટ્રોલીંગમાં હતાં, એ વાત ખરી છે કે બનાવ બાતેની મને કોઇ જાત માહિતી નથી, અમો બનાવ સ્થળે પહોંચ્યા ત્યારે પો.કો. મયુરભાઇ અને ત્યાં હાજર બીજા એક

વ્યકિતને ઈજા થયેલી હતી આ બંને વ્યકિતઓને ઈજા કેવી રીતે થયેલી તેની અમોને જાત માહિતી નથી, આ બીજા ઈજા પામનારને પાટડી સી.એચ.સી. ખાતે લઈ ગયા ત્યારે અમો સાથે હતાં તે બેભાન અવસ્થામાં હતો, પાટડીના ડોકટરે વધુ સારવાર માટે સુરેન્દ્રનગર લઈ જવાનું કહેલું, મે પાટડી સી.એચ. સી. ખાતે ડોકટરને આ વ્યકિત કયારે ભાનમાં આવશે તેવુ પુછેલુ નહીં. વધુમાં સાહેદ જણાવે છે કે એ વાત ખરી નથી કે ''સર્વેલન્સ સ્કવોર્ડના પો.કો. અજયસિંહ ઝાલા નાંઓને બનાવની વિગત અંગે પુછતા તેમણે જણાવેલ કે અમો સર્વેલન્સ સ્ટાફના માણસો પ્રોહી જુગાર ડ્રાઈવ અનુસંધાને પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.હે.કો. પી.એન.ઝાલા નાંઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે મણેસાણા જીલ્લાનો વોન્ટેડ આરોપી – રસુલ નથુ ડફેર તથા તેનો બનેવી ઈમરાન ઉર્ફે ચમચી તથા સુરેન્દ્રનગર જીલ્લાનો નાસતો ફરતો આરોપી – શરીફ અલ્લારખા નાંઓ ડફેરના દંગે હોવાની બાતમી હકીકત ના આધારે ત્યાં પહોંચતા પોલીસને જોઈને ત્રણેય આરોપીઓ પલ્સર મોટર સાયકલ લઈને નાશી ગયેલ અને પાછળ પાછળ પોલીસે પીછો કરેલ અને આગળ જતા પલ્સર મોટર સાયકલ સ્લીપ ખાઈ જતા નીચે પડી ગયેલ અને પાછળ પાછળ પોલીસ ત્યાં પહોંચતા ઈમરાન ઉર્ફે ચમચીને વધારે વાગેલ હોવાથી જેમ તેમ નેફામાંથી છરી કાઢી જેમ તેમ ફેરતા મયુરભાઈ નાંઓને મોઢા ની નીચેના ભાગે છરીનો ધા વાગેલ જે બનાવની હકીકત અમોને અજયસિંહ ઝાલા નાંઓએ જણાવેલી અને આરોપી ભાગી જવાનુ પુછતાં અજયસિંહ ઝાલાએ જણાવેલ કે મયુરભાઈનાંઓને સુરેન્દ્રનગર ટી.બી.હોસ્પીટલમાં લાવેલા અને જેઓની પાછળ પાછળ અમો પણ આવેલા અને ત્યાં થોડીવાર માં પી.એસ.આઈ. સાહેબ તથા અન્ય સ્ટાફના માણસો ઈમરાન ઉર્ફે ચમચીને પણ લઈને આવેલ અને ત્યાં ઈમરાનનું સીટી સ્કેન કરાવેલ અને આગળની સારવાર માટે અમદાવાદ રીફર કરવાનુ કહેતા પી.એસ.આઈ. સાહેબના હુકમ થી અમો તથા સાથેના સુરેશભાઈ મુંધવા નાંઓ એમ્બ્યુલન્સમાં આરોપીને લઈ સુરેન્દ્રનગર થી માલવણ થી અમદાવાદ તરફ જવા નીકળેલા ત્યારે અણીન્દ્રા પાસે પહોંચતા આરોપીને ભાન આવેલ અને તરફડીયા મારવા લાગેલ અને એમ્બ્યુલન્સના દરવાજાને પાટુ મારી દરવાજો ખોલી અંધારાનો લાભ લઈ નાશી ગયેલ તેવુ અમોને જણાવેલું'' ની હકીકત ખોટી જણાવુ છું.

**૨૫.** ફરીયાદ પક્ષે સાહેદ – મુળરાજસિંહ મહેન્દ્રસિંહ ચુડાસમાનાંઓએ તેમનો આંક–૬૫ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, હું ગઇ તારીખ : ૨૯/૭/૨૦ નાં રોજ બજાણા પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઇ. તરીકે મારી ફરજ પર હાજર હતો તે દરમ્યાન બજાણા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. શ્રી ઇસરાણી સાહેબનો અમારા ઉપર ફોન આવેલ કે આપડા ડી–સ્ટાફના માણસોએ ગેડીયા ગામે આરોપી ડફેરને પકડેલ છે તથા પો.કો. મયુરભાઇને છરી વાગેલ છે જેથી પોલીસ સ્ટેશને હાજર માણસોને લઇને તાત્કાલીક ગેડીયા ગામે પહોંચો જેથી પોલીસ સ્ટેશને હાજર માણસોમાં દિગ્વીજયસિંહ ઝાલા તથા દેવેન્દ્રભાઇ ઉમરાણીયા નાંઓને સાથે લઇ બનાવ વાળી જગ્યાએ પહોંચતા ત્યાં પી.એસ.આઇ. સાહેબ તથા અન્ય સ્ટાફના માણસો સરકારી વાહન લઇ આવી ગયેલા હતા ત્યાં જઇ જોતા મયુરભાઇને કાનની નીચેના ભાગે વાગેલ હતુ અને બાજુમાં ઇમરાન ઉર્ફે ચમચીને ઇજા થયેલી હતી જેથી પી.એસ.આઇ. સાહેબે અમોને પી.સી.આર. માં ઇમરાન ઉર્ફે ચમચીને લઇને પાટડી સી.એચ.સી. ખાતે સારવારમાં લઇ જવાનું કહેલ જેથી અમારા સ્ટાફના માણસો ઇમરાનને પી.સી.આર. માં પાછળની સીટમાં સુવડાવી પાટડી સી.એચ.સી. ખાતે લઇ ગયેલા પાછળ પાછળ પી. એસ. આઇ. સાહેબ તથા અન્ય સ્ટાફના માણસો પણ આવી ગયેલા ત્યાં પાટડી સી.એચ.સી. ખાતે ઇમરાનની સારવાર કરાવવામાં આવેલી અને વધુ સારવાર માટે સુરેન્દ્રનગર ટી. બી. હોસ્પીટલ લઇ જવામાં આવેલા જયાંથી અમો પી.એસ.આઇ. સાહેબની સુચનાથી બજાણા પોલીસ સ્ટેશન ખાતે પી. સી. આર. લઇને પરત આવેલા, અમોને રાત્રે ત્રણ વાગ્યે બજાણા પોલીસ સ્ટેશન થી વર્ધી મળેલ કે ઇમરાન ઉર્ફે ચમચી અણીન્દ્રા ગામ પાસે પોલીસ જાપ્તા માંથી ભાગી ગયેલ છે જેથી પી.સી.આર. લઇને બનાવવાળી જગ્યાએ પહોંચો જેથી બનાવવાળી જગ્યાએ પહોંચતા અન્ય સ્ટાફના માણસો તથા એલ. સી. બી. તથા એસ.ઓ.જી. ના માણસો પણ હાજર હોય અલગ અલગ ટીમો બનાવી વહેલી સવાર સુધી સર્ચ કરતા આરોપી મળી આવેલ નહીં જેથી વહેલી સવારે અમો પોલીસ સ્ટેશને પરત આવેલા. વધુમાં સદર સાહેદે જણાવેલુ છે કે સર્વેલન્સ સ્કવોડના પો.કો. અજયસિંહ ઝાલા નાંઓને બનાવની વિગત

પુછતા તેમણે જણાવેલ કે અમો સર્વેલન્સ સ્ટાફના માણસો પ્રોહી. જુગાર ડ્રાઇવ અનુસંધાને પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.હે.કો. પી. એન. ઝાલા નાંઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે મહેસાણા જીલ્લાનો વોન્ટેડ આરોપી – રસુલ નથુ ડફેર તથા તેનો બનેવી ઇમરાન ઉર્ફે ચમચી તથા સુરેન્દ્રનગર જીલ્લાનો નાસતો ફરતો આરોપી – શરીફ અલ્લારખા નાંઓ ડફેરના દંગે હોવાની બાતમી હકીકતના આધારે ત્યાં પહોંચતા પોલીસને જોઇને ત્રણેય આરોપીઓ પલ્સર મોટર સાયકલ લઇને નાશી ગયેલ અને પાછળ પાછળ પોલીસે પીછો કરેલ અને આગળ જતા પલ્સર મોટર સાયકલ સ્લીપ ખાઇ જતા નીચે પડી ગયેલ અને પાછળ પાછળ પોલીસ ત્યાં પહોંચતા ઇમરાન ઉર્ફે ચમચીને વધારે વાગેલ હોવાથી જેમ તેમ નેફામાંથી છરી કાઢી જેમ તેમ ફેરવતા મયુરભાઇ નાંઓને મોઢાની નીચેના ભાગે છરીનો ઘા વાગેલ જે બનાવની હકીકત અમોને અજયસિંહ ઝાલા નાંઓએ જણાવેલી, આરોપી ભાગી જવાનું પુછતા અજયસિંહ ઝાલાએ જણાવેલ કે મયુરભાઇનાંઓને સુરેન્દ્રનગર ટી. બી. હોસ્પીટલમાં લાવેલ, ત્યારબાદ અમો ગેડીયા ગામે બંદોબસ્તમાં રહેલા અને ત્યારબાદ અમોને જાણવા મળેલ કે ઇમરાન ઉર્ફે ચમચી પોલીસ કસ્ટડીમાંથી સારવાર માટે લઇ જતા હોય એમ્બ્યુલન્સમાંથી કુદકો મારીને ભાગી ગયેલ હોય અને આ બાબત પો.કો. અજીતસિંહ ઝાલાએ જોરાવરનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરાવેલ અને અમો તમામ સ્ટાફને ઇમરાન ઉર્ફે ચમચીની સર્ચમાં રહેવાની સુચના મળેલ, સદર બનાવ બાબતે પો.સ.ઇ. ઇશરાણી સાહેબે અમારૂ નિવેદન લીધેલ તેમ જજણાવી આરોપીઓને નામદાર કોર્ટના રેકર્ડમાંથી આંક–૦૧ ના ચાર્ઝશીટમાંથી ફોટો બતાવતા ઓળખી બતાવે છે.

**૨૫/૧.** સદરહુ સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે એ વાત ખરી છે કે બનાવ બાબતે મને જાત માહિતી નથી કારણ કે અમો તે વખતે પોલીસ સ્ટેશને હતા અને બનાવની જાણ થયા બાદ અમો સ્થળ ઉપર ગયેલા, અમો બનાવ સ્થળે પહોંચ્યા ત્યાં મયુરસિંહ હાજર ન હતા અને સ્વેચ્છાએ જણાવે છે કે આ મયુરસિંહને ઇા થયેલ હોય દવાખાને લઇ ગયેલા તેવુ જાણેલુ. એ વાત ખરી છે કે આ બંને વ્યકિતઓને ઇજા કેવી રીતે થયેલી તેની અમોને જાત માહિતી નથી, વધુમાં સાહેદ જણાવે છે કે એ

વાત ખરી નથી કે ''સર્વેલન્સ સ્કવોર્ડના પો.કો. અજયસિંહ ઝાલા નાંઓને બનાવની વિગત અંગે પુછતા તેમણે જણાવેલ કે અમો સર્વેલન્સ સ્ટાફના માણસો પ્રોહી જુગાર ડ્રાઇવ અનુસંધાને પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.હે.કો. પી.એન.ઝાલા નાંઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે મણેસાણા જીલ્લાનો વોન્ટેડ આરોપી – રસુલ નથુ ડફેર તથા તેનો બનેવી ઇમરાન ઉર્ફે ચમચી તથા સુરેન્દ્રનગર જીલ્લાનો નાસતો ફરતો આરોપી – શરીફ અલ્લારખા નાંઓ ડફેરના દંગે હોવાની બાતમી હકીકત ના આધારે ત્યાં પહોંચતા પોલીસને જોઇને ત્રણેય આરોપીઓ પલ્સર મોટર સાયકલ લઇને નાશી ગયેલ અને પાછળ પાછળ પોલીસે પીછો કરેલ અને આગળ જતા પલ્સર મોટર સાયકલ સ્લીપ ખાઇ જતા નીચે પડી ગયેલ અને પાછળ પાછળ પોલીસ ત્યાં પહોંચતા ઇમરાન ઉર્ફે ચમચીને વધારે વાગેલ હોવાથી જેમ તેમ નેફામાંથી છરી કાઢી જેમ તેમ ફેરતા મયુરભાઇ નાંઓને મોઢા ની નીચેના ભાગે છરીનો ધા વાગેલ જે બનાવની હકીકત અમોને અજયસિંહ ઝાલા નાંઓએ જણાવેલી અને આરોપી ભાગી જવાનુ પુછતાં અજયસિંહ ઝાલાએ જણાવેલ કે મયુરભાઇનાંઓને સુરેન્દ્રનગર ટી.બી.હોસ્પીટલમાં લાવેલા'' ની હકીકત ખોટી જણાવુ છું.

**૨૬.** ફરીયાદ પક્ષે સાહેદ – દેવેન્દ્રકુમાર ખોડીદાસભાઇ ઉમરાણીયાનાંઓ એ તેમનો આંક–૬૬ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, હું ગઇ તા. ૨૯/૭/૨૦ નાં રોજ બજાણા પોલીસ સ્ટેશનમાં પો.કો. તરીકે મારી ફરજ પર હાજર હતો તે દરમ્યાન અમારા પોલીસ સ્ટેશનના પી.સી.આર. વાહનના ઇન્ચાર્ઝ યશપાલસિંહ રાઠોડ પી.સી.આઇ. લઇ આવેલા અને અમોને કહેલ કે પી.એસ.આઇ. સાહેબનો ફોન આવેલ છે કે આપડા ડી–સ્ટાફના માણસોએ ગેડીયા ગામે આરોપી ડફેરને પકડેલ છે તથા પો.કો. મયુરભાઇને છરી વાગેલ છે જેથી પોલીસ સ્ટેશને હાજર માણસોને લઇને તાત્કાલીક ગેડીયા ગામે પહોંચો જેથી પોલીસ સ્ટેશને હાજર માણસોમાં હું તથા દિગ્વીજયસિંહ ઝાલા નાંઓને સાથે લઇ બનાવવાળી જગ્યાએ પહોંચતા ત્યાં પી.એસ.આઇ. સાહેબ તથા અન્ય સ્ટાફના માણસો સરકારી વાહન લઇ આવી ગયેલા હતા ત્યાં જઇ જોતા મયુરભાઇને કાનની નીચેના ભાગે વાગેલ

હતુ અને બાજુમાં ઇમરાન ઉર્ફે ચમચીને ઇજા થયેલી હતી જેથી પી.એસ.આઇ. સાહેબે અમોને પી.સી.આર. માં ઇમરાન ઉર્ફે ચમચીને લઇને પાટડી સી. એચ. સી. ખાતે સારવારમાં લઇ જવાનું કહેલ જેથી હું તથા અમારા સ્ટાફના માણસો ઇમરાનને પી.સી.આર. માં પાછળની સીટમાં સુવડાવી પાટડી સી.એચ.સી. ખાતે લઇ ગયેલા પાછળ પાછળ પી.એસ.આઇ. સાહેબ તથા અન્ય સ્ટાફના માણસો પણ આવી ગયેલા ત્યાં પાટડી સી.એચ.સી. ખાતે ઇમરાનની સારવાર કરાવવામાં આવેલી અને વધુ સારવાર માટે સુરેન્દ્રનગર ટી. બી. હોસ્પીટલ લઇ જવામાં આવેલા જયાંથી અમો પી.એસ.આઇ. સાહેબ ની સુચનાથી બજાણા પોલીસ સ્ટેશન ખાતે પી.સી.આર. લઇને પરત આવેલા, અમોને રાત્રે ત્રણ વાગ્યે બજાણા પોલીસ સ્ટેશનથી વર્ધી મળેલ કે ઇમરાન ઉર્ફે ચમચી અણીન્દ્રા ગામ પાસે પોલીસ જાપ્તામાંથી ભાગી ગયેલ છે જેથી ખાનગી વાહન લઇને બનાવવાળી જગ્યાએ પહોંચો જેથી બનાવવાળી જગ્યાએ પહોંચતા અન્ય સ્ટાફના માણસો તથા એલ.સી.બી. તથા એસ. ઓ. જી. ના માણસો પણ હાજર હોય અલગ અલગ ટીમો બનાવી વહેલી સવાર સુધી સર્ચ કરતા આરોપી મળી આવેલ નહીં જેથી વહેલી સવારે અમો પોલીસ સ્ટેશને પરત આવેલા. વધુમાં સદર સાહેદે જણાવેલુ છે કે, સર્વેલન્સ સ્કવોડ ના પો.કો. અજયસિંહ ઝાલા નાંઓને બનાવની વિગત પુછતા તેમણે જણાવેલ કે અમો સર્વેલન્સ સ્ટાફના માણસો પ્રોહી. જુગાર ડ્રાઇવ અનુસંધાને પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.હે.કો. પી.એન.ઝાલા નાંઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે મહેસાણા જીલ્લાનો વોન્ટેડ આરોપી – રસુલ નથુ ડફેર તથા તેનો બનેવી ઇમરાન ઉર્ફે ચમચી તથા સુરેન્દ્રનગર જીલ્લાનો નાસતો ફરતો આરોપી – શરીફ અલ્લારખા નાંઓ ડફેરના દંગે હોવાની બાતમી હકીકતના આધારે ત્યાં પહોંચતા પોલીસને જોઇને ત્રણેય આરોપીઓ પલ્સર મોટર સાયકલ લઇને નાશી ગયેલ અને પાછળ પાછળ પોલીસે પીછો કરેલ અને આગળ જતા પલ્સર મોટર સાયકલ સ્લીપ ખાઇ જતા નીચે પડી ગયેલ અને પાછળ પાછળ પોલીસ ત્યાં પહોંચતા ઇમરાન ઉર્ફે ચમચીને વધારે વાગેલ હોવાથી જેમ તેમ નેફામાંથી છરી કાઢી જેમ તેમ ફેરવતા મયુરભાઇ નાંઓને મોઢાની નીચેના ભાગે છરીનો ઘા વાગેલ જે બનાવની હકીકત અમોને અજયસિંહ ઝાલા નાંઓએ જણાવેલી, આરોપી

ભાગી જવાનું પુછતા અજયસિંહ ઝાલાએ જણાવેલ કે મયુરભાઇનાંઓને સુરેન્દ્રનગર ટી.બી. હોસ્પીટલમાં લાવેલ, ત્યારબાદ અમો ગેડીયા ગામે બંદોબસ્તમાં રહેલા અને ત્યારબાદ અમોને જાણવા મળેલ કે ઇમરાન ઉર્ફે ચમચી પોલીસ કસ્ટડીમાંથી સારવાર માટે લઇ જતા હોય એમ્બ્યુલન્સમાંથી કુદકો મારીને ભાગી ગયેલ હોય અને આ બાબત પો.કો. અજીતસિંહ ઝાલાએ જોરાવરનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરાવેલ અને અમો તમામ સ્ટાફને ઇમરાન ઉર્ફે ચમચીની સર્ચમાં રહેવાની સુચના મળેલ, સદર બનાવ બાબતે પો.સ.ઇ. ઇશરાણી સાહેબે અમારૂ નિવેદન લીધેલ તેમ જણાવી આરોપીઓને નામદાર કોર્ટના રેકર્ડમાંથી આંક–૦૧ ના ચાર્જશીટમાંથી ફોટો બતાવતા ઓળખી બતાવે છે.

**૨૬/૧.** સદરહુ સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે એ વાત ખરી છે કે બનાવ બાબતે મને જાત માહિતી નથી કારણ કે અમો તે વખતે પોલીસ સ્ટેશ ત્યારબાદ અમો ગેડીયા ગામે બંદોબસ્તમાં રહેલા અને ત્યારબાદ અમોને જાણવા મળેલ કે ઇમરાન ઉર્ફે ચમચી પોલીસ કસ્ટડીમાંથી સારવાર માટે લઇ જતા હોય એમ્બ્યુલન્સમાંથી કુદકો મારીને ભાગી ગયેલ હોય અને આ બાબત પો.કો. અજીતસિંહ ઝાલાએ જોરાવરનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરાવેલ અને અમો તમામ સ્ટાફને ઇમરાન ઉર્ફે ચમચીની સર્ચમાં રહેવાની સુચના મળેલ, સદર બનાવ બાબતે પો.સ.ઇ. ઇશરાણી સા. અમારૂ નિવેદન લીધેલ ને હતા અને બનાવની જાણ થયા બાદ અમો સ્થળ ઉપર ગયેલા અને સ્વેચ્છાએ જણાવે છે કે અમો સ્થળ ઉપર ગયા ત્યારે મયુરભાઇને કાન ઉપર તથા તેની આજુબાજુ વાગેલ હતુ, એ વાત ખરી છે કે આ બંને વ્યકિતઓને ઇજા કેવી રીતે થયેલી તેની અમોને જાત માહિતી નથી, આ બીજા વ્યકિતને જે ઇજા થયેલી તે ઇમરાન ઉર્ફે ચમચી સુરેન્દ્રનગર હોસ્પીટલમાં બેભાન અવસ્થામાં હતો. વધુમાં સાહેદ જણાવે છે કે એ વાત ખરી નથી કે ''સર્વેલન્સ સ્કવોર્ડના પો.કો. અજયસિંહ ઝાલા નાંઓને બનાવની વિગત અંગે પુછતા તેમણે જણાવેલ કે અમો સર્વેલન્સ સ્ટાફના માણસો પ્રોહી જુગાર ડ્રાઇવ અનુસંધાને પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.હે.કો. પી.એન.ઝાલા નાંઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે મણેસાણા જીલ્લાનો વોન્ટેડ આરોપી – રસુલ નથુ

ડફેર તથા તેનો બનેવી ઇમરાન ઉર્ફે ચમચી તથા સુરેન્દ્રનગર જીલ્લાનો નાસતો ફરતો આરોપી – શરીફ અલ્લારખા નાંઓ ડફેરના દંગે હોવાની બાતમી હકીકત ના આધારે ત્યાં પહોંચતા પોલીસને જોઇને ત્રણેય આરોપીઓ પલ્સર મોટર સાયકલ લઇને નાશી ગયેલ અને પાછળ પાછળ પોલીસે પીછો કરેલ અને આગળ જતા પલ્સર મોટર સાયકલ સ્લીપ ખાઇ જતા નીચે પડી ગયેલ અને પાછળ પાછળ પોલીસ ત્યાં પહોંચતા ઇમરાન ઉર્ફે ચમચીને વધારે વાગેલ હોવાથી જેમ તેમ નેફામાંથી છરી કાઢી જેમ તેમ ફેરતા મયુરભાઇ નાંઓને મોઢાની નીચેના ભાગે છરીનો ધા વાગેલ જે બનાવની હકીકત અમોને અજયસિંહ ઝાલા નાંઓએ જણાવેલી અને આરોપી ભાગી જવાનુ પુછતાં અજયસિંહ ઝાલાએ જણાવેલ કે મયુરભાઇનાંઓને સુરેન્દ્રનગર ટી.બી.હોસ્પીટલમાં લાવેલા'' ની હકીકત ખોટી જણાવુ છું.

**૨૭.** ફરીયાદ પક્ષે સાહેદ – દિગ્વીજયસિંહ અજીતસિંહ ઝાલાનાંઓ એ તેમનો આંક–૬૭ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, હું ગઇ તા. ૨૯/૭/૨૦ નાં રોજ બજાણા પોલીસ સ્ટેશનમાં પો.કો. તરીકે મારી ફરજ પર હાજર હતો તે દરમ્યાન બજાણા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. શ્રી આપડા ડી–સ્ટાફના માણસોએ ગેડીયા ગામે આરોપી ડફેરને પકડેલ છે તથા પો.કો. મયુરભાઇને છરી વાગેલ છે જેથી પોલીસ સ્ટેશને હાજર માણસો ને લઇને તાત્કાલીક ગેડીયા ગામે પહોંચો જેથી પોલીસ સ્ટેશને હાજર માણસો માં હું તથા એ.એસ.આઇ. મુળરાજસિંહ તથા દેવેન્દ્રભાઇ ઉમરાણીયા નાંઓને સાથે લઇ બનાવવાળી જગ્યાએ પહોંચતા ત્યાં પી.એસ.આઇ. સાહેબ તથા અન્ય સ્ટાફના માણસો સરકારી વાહન લઇ આવી ગયેલા હતા ત્યાં જઇ જોતા મયુરભાઇને કાનની નીચેના ભાગે વાગેલ હતુ અને બાજુમાં ઇમરાન ઉર્ફે ચમચીને ઇજા થયેલી હતી જેથી પી.એસ.આઇ. સાહેબે અમોને પી.સી.આર. માં ઇમરાન ઉર્ફે ચમચીને લઇને પાટડી સી.એચ.સી. ખાતે સારવારમાં લઇ જવાનું કહેલ જેથી અન્ય પોલીસના માણસો તેઓને દવાખાને લઇ ગયેલા જયાંથી અમો પી.એસ.આઇ. સાહેબની સુચનાથી બજાણા પોલીસ સ્ટેશન ખાતે પી.સી.આર. લઇને પરત આવેલા, અમોને રાત્રે ત્રણ વાગ્યે બજાણા પોલીસ સ્ટેશનથી વર્ધી મળેલ કે ઇમરાન ઉર્ફે ચમચી અણીન્દ્રા ગામ પાસે

પોલીસ જાપ્તામાંથી ભાગી ગયેલ છે જેથી ખાનગી વાહન લઇને બનાવવાળી જગ્યાએ પહોંચો જેથી બનાવવાળી જગ્યાએ પહોંચતા અન્ય સ્ટાફના માણસો તથા એલ.સી.બી. તથા એસ.ઓ.જી. ના માણસો પણ હાજર હોય અલગ અલગ ટીમો બનાવી વહેલી સવાર સુધી સર્ચ કરતા આરોપી મળી આવેલ નહીં જેથી વહેલી સવારે અમો પોલીસ સ્ટેશને પરત આવેલા. વધુમાં સદર સાહેદે જણાવેલુ છે કે, સર્વેલન્સ સ્કવોડના માણસો ધ્વારા અમોને જાણવા મળેલ કે અમો સર્વેલન્સ સ્ટાફના માણસો પ્રોહી. જુગાર ડ્રાઇવ અનુસંધાને પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.હે.કો. પી. એન. ઝાલા નાંઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે મહેસાણા જીલ્લાનો વોન્ટેડ આરોપી – રસુલ નથુ ડફેર તથા તેનો બનેવી ઇમરાન ઉર્ફે ચમચી તથા સુરેન્દ્રનગર જીલ્લાનો નાસતો ફરતો આરોપી – શરીફ અલ્લારખા નાંઓ ડફેરના દંગે હોવાની બાતમી હકીકતના આધારે ત્યાં પહોંચતા પોલીસને જોઇને ત્રણેય આરોપીઓ પલ્સર મોટર સાયકલ લઇને નાશી ગયેલ અને પાછળ પાછળ પોલીસે પીછો કરેલ અને આગળ જતા પલ્સર મોટર સાયકલ સ્લીપ ખાઇ જતા નીચે પડી ગયેલ અને પાછળ પાછળ પોલીસ ત્યાં પહોંચતા ઇમરાન ઉર્ફે ચમચી ને વધારે વાગેલ હોવાથી જેમ તેમ નેફામાંથી છરી કાઢી જેમ તેમ ફેરવતા મયુરભાઇ નાંઓને મોઢાની નીચેના ભાગે છરીનો ધા વાગેલ, ત્યાર બાદ અમો ગેડીયા ગામે બંદોબસ્તમાં રહેલા અને ત્યારબાદ અમોને જાણવા મળેલ કે ઇમરાન ઉર્ફે ચમચી પોલીસ કસ્ટડીમાંથી સારવાર માટે લઇ જતા હોય એમ્બ્યુલન્સમાંથી કુદકો મારીને ભાગી ગયેલ હોય અને આ બાબત પો.કો. અજીતસિંહ ઝાલાએ જોરાવરનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરાવેલ અને અમો તમામ સ્ટાફને ઇમરાન ઉર્ફે ચમચીની સર્ચમાં રહેવાની સુચના મળેલ, સદર બનાવ બાબતે પો.સ.ઇ. ઇશરાણી સા. અમારૂ નિવેદન લીધેલ તેમ જણાવી આરોપીઓને નામદાર કોર્ટના રેકર્ડમાંથી આંક–૦૧ ના ચાર્જશીટમાંથી ફોટો બતાવતા ઓળખી બતાવે છે.

**૨૭/૧.** સદરહુ સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે એ વાત ખરી છે કે બનાવ બાબતે મને જાત માહિતી નથી કારણ કે અમો તે વખતે પોલીસ સ્ટેશને હતા અને બનાવની જાણ થયા બાદ અમો સ્થળ ઉપર ગયેલા, અમો બનાવ સ્થળે પહોંચ્યા ત્યાં મયુરસિંહ હાજર

ન હતા અને સ્વેચ્છાએ જણાવે છે કે આ મયુરસિંહને ઈજા થયેલ હોય દવાખાને લઇ ગયેલા તેવુ જાણેલુ, એ વાત ખરી છે કે આ બંને વ્યકિતઓને ઈજા કેવી રીતે થયેલી તેની અમોને જાત માહિતી નથી. વધુમાં સાહેદ જણાવે છે કે એ વાત ખરી નથી કે ''સર્વેલન્સ સ્કવોર્ડના પો.કો. અજયસિંહ ઝાલા નાંઓને બનાવની વિગત અંગે પુછતા તેમણે જણાવેલ કે અમો સર્વેલન્સ સ્ટાફના માણસો પ્રોહી જુગાર ડ્રાઇવ અનુસંધાને પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.હે.કો. પી.એન.ઝાલા નાંઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે મણેસાણા જીલ્લાનો વોન્ટેડ આરોપી – રસુલ નથુ ડફેર તથા તેનો બનેવી ઈમરાન ઉર્ફે ચમચી તથા સુરેન્દ્રનગર જીલ્લાનો નાસતો ફરતો આરોપી – શરીફ અલ્લારખા નાંઓ ડફેરના દંગે હોવાની બાતમી હકીકત ના આધારે ત્યાં પહોંચતા પોલીસને જોઇને ત્રણેય આરોપીઓ પલ્સર મોટર સાયકલ લઇને નાશી ગયેલ અને પાછળ પાછળ પોલીસે પીછો કરેલ અને આગળ જતા પલ્સર મોટર સાયકલ સ્લીપ ખાઈ જતા નીચે પડી ગયેલ અને પાછળ પાછળ પોલીસ ત્યાં પહોંચતા ઈમરાન ઉર્ફે ચમચીને વધારે વાગેલ હોવાથી જેમ તેમ નેફામાંથી છરી કાઢી જેમ તેમ ફેરતા મયુરભાઇ નાંઓને મોઢાની નીચેના ભાગે છરીનો ધા વાગેલ જે બનાવની હકીકત અમોને અજયસિંહ ઝાલા નાંઓએ જણાવેલી અને આરોપી ભાગી જવાનુ પુછતાં અજયસિંહ ઝાલાએ જણાવેલ કે મયુરભાઇનાંઓને સુરેન્દ્રનગર ટી.બી.હોસ્પીટલમાં લાવેલા'' ની હકીકત ખોટી જણાવુ છું.

**૨૮.** ફરીયાદ પક્ષે પી.એસ.ઓ. સાહેદ – હેમુભાઈ જેહાભાઈ નાંધા નાંઓએ તેમનો આંક–૭૫ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, હું તા. ૨૯/૭/૨૦ નાં રોજ બજાણા પોલીસ સ્ટેશન ખાતે એ.એસ.આઇ. તરીકે મારી ફરજ બજાવતો હતો તે દિવસે કલાક ૨૦/૦૦ થી બીજા દિવસે સવાર ના કલાક ૦૮/૦૦ સુધી પી.એસ.ઓ. તરીકેની ફરજમાં હતો તે દરમ્યાન ફરીયાદી – પરીક્ષીતસિંહ નરેન્દ્રિસિંહ ઝાલા પો.હે.કો. બજાણા પોલીસ સ્ટેશન નાંઓની સુરેન્દ્રનગર 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશનના પો.સ.ઈ.શ્રી વી. એન. જાડેજા સાહેબનાંઓ રૂબરૂની લખાવેલ ફરીયાદ ગુનો દાખલ કરવા માટે અમોને આપતા અમોએ બજાણા પોલીસ સ્ટેશન ગુના રજી. નં.

૩૪૬/૨૦૨૦ ઈ. પી. કો. કલમ – ૩૦૭, ૩૩૩, ૫૦૪, ૫૦૬(૨), ૩૫૩ તથા આમર્સ એકટ ની કલમ – ૨૫(૧)(એ)(બી) તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબનો ગુનો દાખલ કરી આગળની તપાસ પો.સ.ઈ. શ્રી એમ. કે. ઇસરાણી સાહેબનાંઓને સોંપી આપેલી, મને ૧૫૪ ની ફરીયાદ બતાવવામાં આવે છે જે તે જ છે જેમાં મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવી એફ.આઇ.આર. આંક–૭૬ થી રજુ રાખેલ છે અને જણાવેલુ છે કે, ઉપરોકત ગુનો દાખલ કર્યા બાદ અમોએ બજાણા પોલીસ સ્ટેશનમાં સ્ટેશન ડાયરી એન્ટ્રી નંબર – ૩/૨૦ થી નોંધ કરેલી, હું આજરોજ મારી સાથે સ્ટેશન ડાયરી એન્ટ્રીની અસલ ઉપરથી ખરીનકલ કરી લાવેલ છું જેમાં ખરીનકલ કરનાર તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવી આંક–૭૭ થી રજુ રાખેલ છે.

**૨૮/૧.** સદરહુ પી.એસ.ઓ. સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર પી.એસ.ઓ. સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે આ કામના ફરીયાદી તથા તપાસ કરનાર અમલદાર અમારા પોલીસ સ્ટેશનમાં નોકરી કરતા હોય તેઓને હું ઓળખું છું, આ કામની ફરીયાદ મારા રૂબરૂની હોય તેવુ બનેલ નથી, ફરીયાદ લખતા સમયે ત્યાં કેટલા પોલીસ વાળા હાજર હતા તેમજ ત્યાં કેટલા ત્રાહિત વ્યકિત હાજર હતા તેની મને અંગત જાત માહિતી નથી, એફ.આઇ.આર. માં ફરીયાદ એક દિવસ મોડી આપવા બાબતેનું કોઇ કારણ જણાવેલ નથી, બનાવ વિશે મને જાત માહિતી નથી.

**૨૯.** ફરીયાદ પક્ષે તપાસનીશ અમલદાર સાહેદ – મુકેશદાન કનુભાઇ ઇસરાણી નાંઓ એ તેમનો આંક–૭૯ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, હું ગઇ તા. ૩૦/૦૭/૨૦૨૦ નાં રોજ બજાણા પોલીસ સ્ટેશન ખાતે પી. એસ.આઇ. તરીકે મારી ફરજ બજાવતો હતો તે દરમ્યાન અમારા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુના રજી. નં. ૩૪૬/૨૦૨૦ ઈ. પી. કો. કલમ – ૩૦૭ તથા આમર્સ એકટ અન્વયે નોંધાયેલ ગુનાની તપાસ અમો તરફ રવાના થતા અમોએ તપાસ સંભાળી લીધેલી બાદ સદર ગુનાના કામે ફરીયાદી – પરીક્ષીતસિંહ નરેન્દ્રિસિંહ ઝાલા પો.હે.કો. બજાણા પોલીસ સ્ટેશનનાંઓ બનાવવાળી જગ્યા ગેડીયા ગામ સીમ જમીન વાળી બતાવતા

હોય બે પંચો છેલાભાઇ કરમણભાઇ રાતડીયા તથા ભલજીભાઇ રઘુભાઇ સોલંકીની હાજરીમાં આંક–૨૨ વાળુ પંચનામું કરી લઇ તેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી કરી તપાસના કામે સામેલ રાખેલ તેમજ બનાવવાળી જગ્યાએથી લોહીના ડાઘા વાળી માટી એક કોથળીમાં ભરી તથા એક ધાતુની છરી જે સાહેદ – મયુરભાઇને આરોપી–ઇમરાને મારેલ તે છરી તથા એક નંબર વગરનું કાળા કલરનુ પલ્સર મોટર સાયકલ કબજે લીધેલ, મને મુદ્દામાલ આર્ટીકલ નંબર–૩ વાળી છરી બતાવવામાં આવે છે જે તે જ આ છરી છે તેમ જણાવી ઓળખી બતાવે છે અને આંક–૨૪ થી આંક–૨૭ વાળી પંચ સ્લીપો બતાવવામાં આવે છે જેમાં બંને પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે. વધુમાં સદર ત.ક.અ. નાંઓએ જણાવેલુ છે કે, ત્યારબાદ તારીખ : ૦૧/૦૮/૨૦૨૦ નાં રોજ ઈજા પામનાર – મયુરભાઈ ચાવડા પો.કો. ના કપડા પો.કો. ભરતદાન ટાપરીયા રજુ કરતા હોય તે બે પંચો નામે – છેલાભાઈ કરમણભાઈ રાતડીયા તથા ભલજીભાઈ રઘુભાઈ સોલંકીની હાજરી માં કબજે લીધેલ જેમાં ગ્રે કલરનુ પેન્ટ લોહી ના ડાઘા વાળુ અને આખી બાયનો શર્ટ બે ટુકડામાં તેમજ એક નીકર પંચો રૂબરૂ કબજે લીધેલ, મને આંક–૨૩ વાળુ પંચનામું બતાવવામાં આવે છે જે તે જ આ પંચનામું છે, મને મુદ્દામાલ આર્ટીકલ નંબર–૪ વાળા કપડા બતાવવામાં આવે છે જે તે જ આ કપડા છે તેમ જણાવી ઓળખી બતાવે છે, મને આંક–૪૪ વાળી યાદી બતાવવામાં આવે છે જે યાદી મેડીકલ ઓફિસરશ્રી સી.યુ.શાહ હોસ્પીટલે ઈજા પામના પો.કો. મયુરભાઈના બ્લડ સેમ્પલ તથા સારવાર સર્ટીફિકેટ મેળવવા મારી સહીથી કરેલ યાદી છે તેમ જણાવી ઓળખી બતાવે છે અને સદર બનાવ ના કામે નકશો બનાવવો જરૂરી હોય આંક–૫૭ થી મારી સહીથી સર્કલ ઓફિસર રેવન્યુ – પાટડીને નકશો બનાવી આપવા માટે યાદી કરેલી ત્યાર બાદ અમારી બદલી થઈ જતા સદર ગુનાની આગળની તપાસ પી.એસ.આઈ. વી. એન. જાડેજા નાંઓએ સંભાળી લીધેલી.

**૨૯/૧.** સદરહુ ત.ક.અ. સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર ત.ક.અ. સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ જે જગ્યાએ બનેલ તે વખતે હું પોલીસ સ્ટેશને હતો બનાવ સમયે હાજર ન હોય મને બનાવની જાત માહિતી નથી. એ વાત ખરી છે કે સ્થળ પરીક્ષણ સારૂ બનાવ

વાળી જગ્યાનું પંચનામુ થયા બાદ યાદી કરી બોલાવવામાં આવેલા, બનાવ વાળી જગ્યાના પંચનામામાં ચર્તુદિશા જણાવેલ નથી, મે કોઈ રેવન્યુ આધાર પુરાવો મારી તપાસ દરમ્યાન કેસ પેપર્સ સાથે રાખેલ હોય તેવુ બનેલ નથી, આ પંચનામું કર્ય ત્યારે પંચો સિવાય અન્ય કોઈ ત્રાહિત વ્યકિતઓ હાજર ન હતા. વધુમાં સદર ત.ક.અ. જણાવે છે કે એ વાત ખરી છે કે પાટડી દવાખાના નું ઈજા પામનારનું સર્ટીફિકેટ મેળવેલ હોય તેવુ બનેલ નથી, મારી તપાસ દરમ્યાન મે સુરેન્દ્રનગર તથા અમદાવાદ થી આરોપીની ઈજા બાબતેનું સર્ટી. મેળવેલ હોય તેવુ બનેલ નથી, ફરીયાદ મારી રૂબરૂની લીધેલ નથી, ઈજા પામનાર મયુરભાઈ બનાવ વખતે ફરજ ઉપર ચાલુ હતાં, આ કામના આરોપી અન્ય મહેસાણાના ગુનામાં વોન્ટેડ હોવા બાબતે મે કોઈ આધાર પુરાવા તપાસના કામે મેળવેલ નથી, અજયસિંહ અમારા પોલીસ સ્ટેશનમાં નોકરી કરતા હતા મારી તપાસ દરમ્યાન મે અજયસિંહ ધર્મેન્દ્રસિંહના નિવેદન મુજબ ના જોરાવરનગર પોલીસ સ્ટેશનના કોઈ આધાર પુરાવા મેળવેલા નથી. વધુમાં સદર ત.ક.અ. એમ પણ જણાવે છે કે, એ વાત ખરી છે કે અમારા પોલીસના માણસો બનાવ વખતે પ્રોહીબીશન તથા દારૂ–જુગારની કામગીરી માં હતા, બનાવ અગાઉ પ્રોહીબીશન કે જુગારનો એક પણ કેસ આ રેડ દરમ્યાન નોંધાયેલ હોય તેવુ મારી તપાસમાં ખુલેલ નહીં, આ કામે કોઈ આરોપીઓને અમોએ અટક કરેલ નથી.

**૩૦.** ફરીયાદ પક્ષે તપાસનીશ અમલદાર સાહેદ – વિરેન્દ્રસિંહ નવલસિંહ જાડેજાનાંઓએ તેમનો આંક–૮૪ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, અમો સને – ૨૦૨૧ ની સાલમાં બજાણા પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે અમારી ફરજ બજાવતા હતા તે દરમ્યાન અમારા પોલીસ સ્ટેશન ના લુટ અને હથીયાર ધારાના અલગ અલગ પાંચ ગુનાની પડતર તપાસ અમોને મળતા અમોએ તપાસ સંભાળી લીધેલી, સદર ગુનાની તપાસ દરમ્યાન આરોપી – રસુલ નથુભાઈ લથવાણી તથા શરીફ અલ્લારખા લથવાણીને બે પંચો નામે–બિસ્મીલ્લાખાન બાનાજી જતમલેક તથા છેલાભાઈ કરમણભાઈ લાકડીયા નાંઓની હાજરીમાં અટક કરેલ, મને આંક–૩૨ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જે  તે જ આ પચંનામુ છે જેમાં બંને પંચોની

તથા રૂબરૂ તરીકે મારી સહી છે તેમ જણાવી સહીઓ ઓળખી બતાવે છે, અમારી તપાસ દરમ્યાન સાહેદ પો.કો. પરીક્ષીતસિંહ નરેન્દ્રસિંહ ઝાલાનું નિવેદન મેળવી તપાસના કામે સામેલ રાખેલ, સદર ગુનાની તપાસ દરમ્યાન કબજે લીધેલ મુદ્દામાલ દેશી કટ્ટુ તમંચો એફ.એસ.એલ. પરીક્ષણ અર્થે મોકલવા તજવીજ કરેલ, મને એફ.એસ.એલ. રવાનગી સત્તાના પ્રમાણપત્ર સાથેની બતાવવામાં આવે છે જેમાં રવાના કરનાર તરીકે મારી સહી છે તથા સત્તાના પ્રમાણપત્રમાં ના.પો.અધિ.શ્રીની સહી તથા સીકકો છે જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી આંક–૮૫ થી રજુ રાખેલ છે તેમજ મને એકનો. બતાવવામાં આવે છે જે અમોએ આંક–૮૫ થી મોકલેલ મુદ્દામાલ એફ.એસ. એલ. ને મળી ગયા અંગેની પહોંચ છે જે અમોએ મેળવી તપાસના કામે સામેલ રાખેલ જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી આંક–૮૬ થી રજુ રાખેલ છે અને મને એફ.એસ.એલ. એકનોલેઝમેન્ટ બતાવવામાં આવે છે જે મુદ્દામાલ પરીક્ષણ અર્થે એફ.એસ.એલ. ને મળી ગયા અંગેની છે જે અમોએ મેળવી તપાસના કામે સામેલ રાખેલ જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી આંક–૮૭ થી રજુ રાખેલ છે તથા મને એફ.એસ.એફ. પરીક્ષણ અહેવાલ મોકલ્યા અંગેનો એફ.એસ.એલ. કચેરીનો જાવક બતાવવામાં આવે છે જે અમારા પોલીસ સ્ટેશનમાં મળી ગયા અંગેનો પી.એસ.ઓ. નો શેરો છે જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી આંક–૮૮ થી રજુ રાખી જણાવે છે કે, મને એફ.એસ.એલ. પરીક્ષણ અહેવાલ બતાવવામાં આવે છે જે અમોએ આંક–૮૫ ની રવાનગીથી મોકલેલ મુદ્દામાલનું એફ.એસ.એલ. ધ્વારા અનુક્રમે બાયોલોજીકલ તેમજ સીરોલોજીકલ પરીક્ષણ કરી મોકલેલ પરીક્ષણ અહેવાલ છે જે અમોએ મેળવી તપાસના કામે સામેલ રાખેલ જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી આંક–૮૯ તથા આંક–૯૦ થી રજુ રાખી અંતે જણાવે છે કે સદર ગુનાની અમારી તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલુ, મને આંક–૦૧ વાળુ ચાર્જશીટ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ બંને આરોપીઓને ઓળખી બતાવે છે.

**૩૦/૧.** સદરહુ ત.ક.અ. સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર ત.ક.અ. સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મે અગાઉના

તપાસના કેસ કાગળોનો અભ્યાસ કરેલો, અમોએ તપાસ સંભાળી લીધા બાદ અગાઉના તપાસ કરનાર અમલદારે લીધેલ નિવેદનો અને પંચનામાઓ ના પંચ સાહેદોને અમારી સમક્ષ બોલાવી નિવેદન તેમજ પંચનામાઓની ખરાઈ કરેલ હોય તેવુ બનેલ નથી, પો.કો. અજયસિંહ નાંઓએ સુરેન્દ્રનગર જોરાવરનગર પોલીસ સ્ટેશન ખાતે કરેલ ફરીયાદ ચાર્જશીટ સાથે રજુ રાખેલ હોય તેવુ બનેલ નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકન</u> ::–**

**૩૧.** આ કામે ઉપરોકત રેકર્ડ ઉપરના પુરાવાઓનું પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવે તો,

આ કામે આંક–૩૭ થી પો.હે.કો. પરિક્ષીતસિંહ નરેન્દ્રસિંહ ઝાલા નાંઓએ આ ગુનાની ફરીયાદ આપેલી છે જે આંક–૩૭ ની ફરીયાદ હકીકતો વંચાણે લેતા ''આજરોજ તા. ૨૯/૦૭/૨૦૨૦ નાં રોજ અમો તથા પો.કો. મયુરભાઇ અમથુભાઇ ચાવડા તથા પો.કો. અજયસિંહ ધર્મેન્દ્રસિંહ ઝાલા તથા પો.કો. નરેશભાઈ રાયમલભાઇ મેર એ રીતેના પોલીસ સ્ટાફના માણસો પો.સ.ઈ. શ્રી એમ. કે. ઇસરાણી સાહેબની સુચનાથી પ્રોહી. જુગાર ડ્રાઇવ અંગે ખાનગી વાહનમાં પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ગેડીયા ગામ નજીક હતા તે વખતે અમોને ખાનગી રાહે હકીકત મળેલ કે મહેસાણા જીલ્લાના વોન્ટેડ આરોપી – રસુલ નથુ ડફેર તથા તેના બનેવી ઇમરાન ઉર્ફે ચમચી ઉર્ફે ભમરીયો જમાલભાઇ સીંધી (ડફેર) તથા સુરેન્દ્રનગર જીલ્લાના ગુનાઓમાં નાસતો–ફરતો આરોપી શરીફ અલ્લારખા ડફેર કે જેઓ ત્રણેય જણા રસુલ નથુ ડફેરના ડંગામાં હોવાની પાકી બાતમી હકીકત મળેલ હોય જેથી અમો તથા સાથેના સ્ટાફના માણસો બાતમીવાળી જગ્યાએ ગેડીયા ગામના તળાવ પાસે આશરે સાંજના છ સવા છ એક વાગ્યાના અરસામાં પહોંચતા અમો પોલીસને જોઈ આ રસુલ નથુ ડફેરે તેના ડંગા પાસે પડેલ પલ્સર મોટર સાયકલ ચાલુ કરેલ અને તેની પાછળ ઇમરાન તથા શરીફ અલ્લારખા બેસી ત્રણેય જણાએ પલ્સર મોટર સાયકલ ખેતરોમાં ફુલસ્પીડમાં જવા દીધેલ જેથી અમો બધાએ પણ તેમનો પીછો કરી પાછળ પાછળ જતા થોડે દુર જતા ખેતરમાં પલ્સર મોટર સાયકલ સ્લીપ ખાઇ જતા પલ્સરમાં

પાછળ બેઠેલ શરીફ અલ્લારખાએ તેમજ રસુલ નથુએ તેમના નેફામાંથી દેશી કટ્ટા કાઢી અમારી સામે તાકી બોલવા લાગેલ કે આ સગી નઈ થાય તેમ કહી જેમ ફાવે તેમ ભુંડાબોલી ગાળો દેવા લાગેલ જેથી અમોએ અમારી પાસેથી લાઠીઓ લઈ પકડવા જતા આ બંને જણા તેમની પાસેના દેશી કટ્ટા સાથે પાછા પાછા પગે અમો પોલીસ સ્ટાફને દેશી કટ્ટા બતાવતા બતાવતા ભાગવા લાગેલ જેથી અમો તેમની પાછળ દોડતા ઈમરાન ઉર્ફે ચમચી કે જેને મોટર સાયકલ સ્લીપ ખાઈ જતા પડી જવાથી થોડી ઈજા થયેલ હોય જેથી નજીક પહોંચતા ઈમરાને અચાનક તેના નેફામાંથી છરી કાઢી અમારી સાથેના પો.કો. મયુરભાઈ ચાવડાને પોતાની ધરપકડ ટાળવા સારૂ જાનથી મારી નાંખવાના ઈરાદે ગળાના ભાગે છરીનો જીવલેણ ઘા કરતા મયુરભાઈને આ છરીનો ઘા કાન તથા તેની નીચેના ભાગે ઘા લાગતા ગંભીર ઈજા થયેલ અને આ ઈમરાન તેના હાથમાની છરી ચારે બાજુ વીંઝવા લાગેલ જેથી તેને અંકુશમાં લેવા સારૂ અમો બધાએ જરૂરી બળ વાપરી ઈમરાનને પકડી લીધેલ અને તેની સાથેના રસુલ નથુ ડફેર તથા શરીર અલ્લારખા ડફેર ખેતરોમાં ભાગી ગયેલ, આ દરમ્યાન પોલીસ સ્ટેશન ખાતેથી અમારા પો.સ.ઈ. શ્રી એમ. કે. ઈસરાણી સાહેબ તથા એ.એસ.આઈ. મુળરાજસિંહ મહેન્દ્રસિંહ ચુડાસમા તથા પો.કો. સુરેશભાઈ સામંતભાઈ મુંધવા નાંઓ સરકારી વાહન સાથે આવી ગયેલ અને અમારી સાથેના પો.કો. મયુરભાઈને કાન તથા તેની નીચેના ભાગે ગંભીર જીવલેણ ઈજા થયેલ હોય જેથી અમારા પો.સ.ઈ.શ્રીની સુચનાથી હું તથા પો. કો. સુરેશભાઈ સામંતભાઈ મુંધવા પ્રાઈવેટ ફોરવ્હીલ ગાડીમાં મયુરભાઈને બેસાડી સુરેન્દ્રનગર ખાતે સારવાર માટે આવવા નીકળેલ અને ઈમરાન ઉર્ફે ચમચીને સાથેના પોલીસ સ્ટાફના માણસોને સોંપેલ અને ત્યાંથી સીધાજ અહીં સુરેન્દ્રનગર સી.યુ.શાહ મેડીકલ કોલેજ અને હોસ્પીટલ ખાતે મયુરભાઈ ને સારવારમાં લાવેલ છીએ અને ડોકટર સાહેબે મયુરભાઈની સારવાર કરી સારવાર અર્થે દાખલ કરેલ છે. આ ત્રણેય આરોપીઓએ ઉપરોકત હકીકતે ગુનો કરેલ હોય તેઓના વિરૂધ્ધ મારી ધોરણસરની ફરીયાદ છે'' તેમ જણાવેલ છે,

જે ઉપરોકત ફરીયાદ અનુસંધાને ફરીયાદ પક્ષ ધ્વારા બનાવ સંબંધે ફરીયાદ પક્ષના કેસ મુજબ હાજર ઈજા પામનાર સાહેદ – મયુરભાઈ

અમથુભાઈ ચાવડા પો.કો. નાંઓને આંક–૩૪ થી, ફરીયાદી – પરીક્ષીતસિંહ નરેન્દ્રસિંહ ઝાલા પો.હે.કો. નાંઓને આંક–૩૬ થી, સાહેદ – શૈલેષભાઈ પ્રહલાદભાઈ કઠેવાડીયા પો.કો. નાંઓને આંક–૪૯ થી, સાહેદ – અજયસિંહ ધર્મેન્દ્રસિંહ ઝાલા પો.કો. નાંઓને આંક–૫૦ થી તેમજ સાહેદ – નરેશભાઈ રાયમલભાઈ ડેર પો.કો. નાંઓને આંક–૬૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ સિવાય પણ બનાવ બાદ બનાવ સ્થળે ગયેલ પોલીસ ઈસમો ને પણ ફરીયાદ પક્ષ ધ્વારા તપાસવામાં આવેલા છે.

**૩૨.** આ કામે એ હકીકત નોંધવી ઘટે કે હાલના આરોપીઓ નં. ૧ – ૨ સિવાય એક આરોપી – ઈમરાન ઉર્ફે ચમચી ઉર્ફે ભમરીયો જમાલભાઈ સીંધી (ડફેર) નાંઓને આ કામે ચાર્જશીટ જોતા ફરારી આરોપી તરીકે બતાવેલ છે પરંતુ અત્રેની કોર્ટના એ ધ્યાને ઉપર છે કે હાલના કેસ સાથેજ સદરહુ આરોપી – ઈમરાન ઉર્ફે ચમચી ઉર્ફે ભમરીયો જમાલભાઈ સીંધી (ડફેર) નામાના આરોપીનો કેસ પણ અત્રેની કોર્ટમાં પેન્ડીંગ છે જે પુરવણી ચાર્જશીટ થતા અત્રેની કોર્ટના સેસન્સ કેસ નં. ૦૯/૨૦૨૨ નો પડેલ છે જે વોરન્ટના સ્ટેજે છે.

હાલના કેસ સબબ આરોપી નં. ૧–૨ નાંઓની વિરૂધ્ધ પડેલ પુરાવા ઓ ધ્યાને લઈ તેની ચર્ચા કરવામાં આવે છે જયારે આરોપી – ઈમરાન ઉર્ફે ચમચી ઉર્ફે ભમરીયો જમાલભાઈ સીંધી (ડફેર) નાંઓ સામે સેસન્સ કેસ નં. ૦૯/૨૦૨૨ નો પેન્ડીંગ હોય સદરહુ આરોપી – ઈમરાન ઉર્ફે ચમચી ઉર્ફે ભમરીયો જમાલભાઈ સીંધી (ડફેર) સામેના રજુ પુરાવાઓની આ તબકકે કોઈ જ ચર્ચા કરવામાં આવતી નથી.

**33.** આ કામે એક માત્ર ઈજા પામનાર પોલીસ સાહેદ – મયુરભાઈ અમથુભાઈ ચાવડાનાંઓને ફરીયાદ પક્ષ ધ્વારા આંક–૩૪ થી તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની સરતપાસમાં અન્ય પોલીસના માણસોની સાથે નાસતા – ફરતા આરોપીઓને પકડવા માટે પેટ્રોલીંગમાં હતા ત્યારે પો.હે.કો. પરિક્ષીતસિંહ નરેન્દ્રસિંહ ઝાલાનાંઓને ઈમરાન ઉર્ફે ચમચી દંગા માં છે તેવી માહિતી મળતા ત્યાં દંગામાં ગયેલ તેવી હકીકત જણાવેલ છે અને ત્યાં આરોપીઓ – રસુલ નથુ તથા શરીફ અલ્લારખા તથા ઈમરાન હાજર હતા

અને રસુલ નથુએ તેની પાસેથી દેશી કટ્ટુ કાઢેલ અને અમારી સામે તાકીને જેમ ફાવે તેમ ગાળો બોલતા હતા અને બચવા માટે ઇમરાન અને રસુલ બાઇક લઇ નાશી ગયેલા જે સંબંધે સદરહુ સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતા તેઓએ એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે બનાવ વખતુ અમે હાલના ગુનાનાં કામે નહીં પરંતુ જુગારના ગુના અંગેની રેડમ ગયેલા. આમ, સદર સાહેદે તેની સરતપાસ માં ફરારી આરોપીઓને પકડવા માટે પેટ્રોલીંગમાં હોવાનુ જણાવેલ છે જયારે ઉલટતપાસમાં જુગારની રેડમાં ગયેલ હોવાની હકીકત જણાવેલી છે એટલુ જ નહીં તેઓએ જુગાર અને દારૂની રેડમાં જતા હોવા છતા કોઇ કેસ નોંધાયેલ નથી તેવી હકીકતનો પણ સ્વીકાર કરેલ છે. સદરહુ સાહેદની ઉલટતપાસ જોતાં એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે ''એ વાત ખરી છે કે ત્યાં આરોપી – રસુલ નથુ તથા શરીફ અલ્લારખા નાંઓએ પોલીસ સાથે મારકુટ કરેલ હોય તેવુ બનેલ નથી.'' વધુમાં સદરહુ સાહેદને ફરીયાદ પક્ષના કેસ મુજબ થયેલ ઇજા સંબંધમાં સારવાર કરાવવા સારૂ હોસ્પીટલે લઇ જવામાં આવેલ ત્યારે ઉલટતપાસની હકીકતોએ ડોકટરે સદરહુ ઇજા પામનાર સાહેદને ફરીયાદ માટે પુછેલુ તેમ છતાં સદરહુ સાહેદે ફરીયાદ માટે ના પાડેલી તેવી હકીકત સદરહુ સાહેદે જણાવેલ છે. વધુમાં સદરહુ સાહેદનું ડી.ડી. લેવામાં આવેલ હોવાનું તેઓએ ઉલટતપાસના ભાગે જણાવેલ છે અને એ હકીકત કબુલ રાખેલ છે કે તેમનુ ડી.ડી. લીધેલ તેમાં આરોપીઓના નામ તેઓએ લખાવેલ નથી.

આમ, ઉપરોકત સદરહુ સાહેદની જુબાનીની હકીકતો ધ્યાને લેવામાં આવે તો સદરહુ સાહેદ અન્ય આરોપી – ઇમરાન ઉર્ફે ચમચી નાંઓ ધ્વારા સદરહુ સાહેદને છરી વડે ઇજા કરેલાની હકીકત સદરહુ સાહેદે જણાવેલ છે પરંતુ હાલના કામના આરોપી – રસુલ નથુ અને શરીફ અલ્લારખા નાંઓએ સદરહુ સાહેદને કોઇ ઇજા કરેલ હોય કે પોલીસના માણસોને કોઇ ઇજા કરેલ હોય તેવુ બનેલ નથી તેવુ સદરહુ સાહેદે તેની ઉલટતપાસમાં પણ સ્પષ્ટ જણાવેલ છે. વધુમાં સદરહુ સાહેદ આરોપી – રસુલ નથી અને શરીફ અલ્લારખા પૈકી આરોપી – રસુલ નથુ નાંઓએ દેશી કટ્ટુ કાઢેલ અને તેમની સામે તાકેલાની હકીકતો જણાવેલી છે પરંતુ આ કામે સદરહુ દેશી કહેવાતુ કટ્ટુ પોલીસ ધ્વારા કબજે કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી.

૩૪. આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા આંક–૩૬ થી ફરીયાદી – પરિક્ષીતસિંહ નરેન્દ્રસિંહ ઝાલા પો.હે.કો. નાંઓ, આંક–૪૯ થી સાહેદ – શૈલેષભાઇ પ્રહલાદભાઇ કઠેવાડીયા પો.કો. નાંઓને, આંક–૫૦ થી સાહેદ – અજયસિંહ ધર્મેન્દ્રસિંહ ઝાલા પો.કો. નાંઓને તેમજ આંક–૬૧ થી સાહેદ – નરેશભાઇ રાયમલભાઇ ડેર પો.કો. નાંઓને અનુક્રમે સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે સદરહુ તમામ સાહેદોએ તેઓની સરતપાસના ભાગે એક સરખી હકીકતો બનાવ સંબંધેની જણાવેલ છે અને તમામ સાહેદોએ હાલના આરોપી સિવાય અન્ય આરોપી – ઇમરાન ઉર્ફે ચમચી ધ્વારા છરી વડે પોલીસ સાહેદ – મયુર ભાઇ અમથુભાઇ ચાવડાનાંઓને ઈજા પહોંચાડેલાની હકીકતો જણાવેલ છે અને હાલના આરોપી – રસુલ નથુ અને શરીફ અલ્લારખા પૈકી આરોપી – રસુલ નથુ નાંઓએ તેના હાથમાં તમંચા જેવુ હથીયાર તાકેલુ અને કહેલ કે અહીંથી જતા રહો આ તમારી સગી નહીં થાય તેવી હકીકતો જણાવેલી છે પરંતુ અગાઉ જણાવ્યા મુજબ કહેવાતો આવો કોઇ તમંચો પોલીસ ધ્વારા કબજે કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં સદરહુ બંને આરોપીઓ સામેના ફરીયાદ પક્ષ ધ્વારા રજુ થયેલ કેસની આક્ષેપીત હકીકતો ધ્યાને લેતા પોલીસ સાહેદો સિવાય અન્ય કોઇ જ સ્વતંત્ર સાહેદો ધ્વારા આવી હકીકતોને સર્મથન મળતુ હોય તેવુ પણ રેકર્ડ પર આવેલ નથી એટલુ જ નહીં સદરહુ બંને આરોપીઓને પોલીસ ધ્વારા સ્થળ ઉપરથી પકડવામાં આવેલ હોય તેવુ પણ કોઇ હકીકત ફરીયાદ પક્ષ ધ્વારા રેકર્ડ પર આવેલ નથી.

૩૫. આ કામે આ સિવાય પોલીસ ધ્વારા પોલીસ સાહેદો – યશપાલસિંહ ધનશ્યામસિંહ રાઠોડ નાંઓને આંક–૬૨ થી, સાહેદ – મુળરાજસિંહ મહેન્દ્રર સિંહ ચુડાસમા નાંઓને આંક–૬૫ થી, સાહેદ – દેવેન્દ્રકુમાર ખોડીદાસભાઇ ઉમરાણીયા નાંઓને આંક–૬૬ થી તેમજ સાહેદ – દિગ્વીજયસિંહ અજીતસિંહ ઝાલાનાંઓને આંક–૬૭ થી અનુક્રમે તપાસવામાં આવેલા છે જેઓ બનાવ પછી આ બનાવ સંબંધેની બાતમી મળતા બનાવ સ્થળે ગયેલા નું તેમની જુબાની જોતા જણાય આવે છે અને હાલના આરોપીઓ વિરૂધ્ધ ગુના સંબંધેની લેશમાત્ર હકીકતો સદરહુ સાહેદોની સોગંદ ઉપરની જંબાનીઓથી ફરીયાદ પક્ષ ધ્વારા રેકર્ડ પર લાવેલાનું ફલિત થતુ નથી પરંતુ

સદરહુ સાહેદો જે તમામ પોલીસ સાહેદો છે તેઓ બનાવ બાદ સ્થળ ઉપર ગયેલાનું અને પો.કો. મયુરભાઇ અમથુભાઇને સારવાર સારૂ લઇ ગયેલા ની હકીકતો તેઓની જુબાની ઉપરથી ફલિત થાય છે.

**૩૬.** વધુમાં આ કામે મેડીકલ ઓફિસર સાહેદ–ડો.મોહસીન ઇસ્માઇલભાઇ સીપાઇ નાંઓને આંક–૪૧ થી તપાસવામાં આવેલા છે જેઓ સી.યુ.શાહ મેડીકલ કોલેજ અને હોસ્પીટલ ખાતે મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે દર્દી નામે – મયુરભાઇ અમથુભાઇ ચાવડા, રહે. ધ્રાંગધ્રા નાંઓને તેઓએ સારવાર આપેલાની હકીકતો જણાવેલ છે અને વધુમાં ડોકટર સાહેદે તેમની જુબાનીમાં જણાવેલ છે કે આ દર્દીએ હિસ્ટ્રી આપેલ તેમાં ઇમરાન નામ ના ઇસમે છરી વડે હુમલો કરેલાનું જણાવેલ છે અને તેની સાથે બે જણા હતા તેવી હકીકત જણાવેલ છે. આમ, સદરહુ સાહેદ કે જેઓ ઇજા પામનાર છે અને સારવાર માટે તુરત જ ગયેલા છે તેઓએ ડોકટરશ્રી રૂબરૂ આપેલ હિસ્ટ્રીમાં પણ હાલના બંને આરોપીઓના નામ કે બંને આરોપીઓના ગુના સંબંધેની હકીકત તેઓએ જણાવેલ નથી અને જે હકીકત તેઓએ તેમની ઉલટતપાસ માં પણ સ્વીકારેલ છે.

**૩૭.** આ કામે પોલીસ સાહેદોની જુબાનીમાં ઇજા પામનાર – મયુરભાઇ અમથુભાઇ ચાવડા બેભાન થઇ ગયેલાની હકીકતો જણાવેલ છે પરંતુ સદરહું મેડીકલ ઓફિસર સાહેદની આંક–૪૧ ની જુબાની ધ્યાને લેવામાં આવે તો દર્દી – મયુરભાઇ અમથુભાઇ ચાવડાને અમારી સમક્ષ લાવેલ ત્યારે દર્દી સંપૂર્ણ ભાનમાં હતા તેવી હકીકતો જણાવેલી છે. વધુમાં બનાવના રોજ બનાવ તા. ૨૯/૦૭/૨૦૨૦ નાં સાંજે ૧૮/૧૫ વાગ્યે બનેલાની આંક–૭૬ ની એફ.આઇ.આર. જોતા જણાય છે અને જેની ફરીયાદ તા.૩૦/૦૭/૨૦૨૦ ના કલાક : ૦૧/૩૫ વાગ્યે આપેલાની હકીકત છે અને મેડીકલ ઓફિસર સાહેદે પણ સદરહુ દર્દી – મયુરભાઇ અમથુભાઇ ચાવડા તેજ રોજ સાંજના સમયે સારવાર સારૂ આવેલાની હકીકતો જણાવેલ છે. આમ, પોલીસ સાહેદો ની જુબાનીમાંની એ હકીકત કે ઇજા પામનાર મયુરભાઇ અમથુભાઇ ચાવડા બેભાન થઇ ગયેલાની હકીકતો પ્રથમ દષ્ટ્રીએ શંકા ઉપજાવે તેવી જણાય

આવે છે. વધુમાં ઉપર જણાવ્યા મુજબ ફરીયાદ એક દિવસ લેટ આપવામાં આવેલ છે જે સંબંધે આંક–૭૫ ના સાહેદ ફરીયાદ રજીસ્ટર્ડ કરનાર એ.એસ.આઇ. હેમુભાઇ જેહા ભાઇ નાંધા નાંઓની સોગંદ ઉપરની જુબાનીની ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો એ હકીકત ખરી હોવાનું જણાવેલ છે કે એફ.આઇ.આર. માં ફરીયાદ એક દિવસ મોડી આપવા બાબતેના કોઇ કારણો જણાવેલા નથી કે અગાઉ પણ જણાવ્યા મુજબ ઈજા પામનાર – મયુરભાઇ અમથુભાઇ ચાવડાનાંઓને ડોકટર ધ્વારા ફરીયાદ માટે પુછવામાં આવેલ હોવા છતાં ઈજા પામનાર – મયુરભાઇ અમથુભાઇ ચાવડા ધ્વારા ફરીયાદ કરવામાં આવેલ નથી.

**૩૮.** વધુમાં આ કામે ફરીયાદ પક્ષના સાહેદ ધ્વારા પો.કો. અજીતસિંહ ઝાલા નાંઓ ધ્વારા સુરેન્દ્રનગર – જોરાવરનગર પોલીસ સ્ટેશન ખાતે પણ આ સંબંધેની ફરીયાદ કરવામાં આવેલ હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે પરંતુ આ કામે ચાર્જશીટ સાથે સદર સુરેન્દ્રનગર – જોરાવરનગર પોલીસ સ્ટેશન ખાતે પો.કો. અજીતસિંહ ઝાલા નાંઓએ કરેલ ફરીયાદ ચાર્જશીટ સાથે રજુ રાખેલ હોય તેવુ બનેલ નથી અને જે હકીકત તપાસનીશ અમલદાર પી. એસ.આઇ. વિરેન્દ્રસિંહ નવલસિંહ જાડેજાનાંઓએ પણ તેમની આંક–૮૪ ની જુબાનીની ઉલટતપાસના ભાગે સ્વીકાર કરેલ છે.

**૩૯.** ફરીયાદ પક્ષે બનાવ સ્થળનું પરીક્ષણ કરનાર એવા એફ.એસ.એલ. ના મોબાઇલ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી – સુ.નગર ખાતેના સાયન્ટીફિક ઓફિસર – ચીરાગકુમાર દશરથલાલ પટેલનાંઓ આંક–પ૧ થી પોતાનો પુરાવો રજુ રાખે છે અને આંક–પર થી સ્થળ પરીક્ષણનો અહેવાલ રજુ રાખે છે તેજ રીતે બનાવ સ્થળનો નકશો તેમજ પંચ રોજકામ કરનાર એવા સાહેદ – અરૂણકુમાર સમશેરબહાદુર યાદવ – સર્કલ ઓફિસર રેવન્યુ, મામલતદાર કચેરી – પાટડીનાંઓ આંક–પ૩ થી પોતાનો પુરાવો રજુ રાખે છે અને તે દરમ્યાનમાં આંક–પપ થી પંચ રોજકામ તેમજ આંક–પ૬ થી બનાવવાળી જગ્યાનો નકશો રજુ રાખેલો છે તે પરથી હાલના આ ગુનાના કામે હાલના આ બંને આરોપીઓની સંડોવણી રેકર્ડે આવતી નથી તે જોતા તેઓની જુબાની

ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી જણાય આવતી નથી.

**૪૦.** અહીં ફરીયાદ પક્ષે ઉપરોકત વિગતે નોંધ્યા મુજબ ગુનાવાળી જગ્યાનું પંચનામું તેમજ બનાવ સમયે ઈજા પામનારે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામું કરતા સમયે હાજર એવા પંચનામાના પંચ સાહેદો – ભલજીભાઇ રઘુભાઈ સોલંકી તેમજ છેલ્લાભાઈ કરમણભાઈ રાતડીયા નાંઓને અનુક્રમે આંક–૨૧ અને આંક–૩૩ થી સોગંદ પર તપાસી તેઓની જુબાની દરમ્યાનમાં આંક – ૨૨ અને આંક–૨૩ થી સદર પંચનામાઓ રીફર કરી રજુ રાખવામાં આવેલ છે તેજ રીતે આરોપી – રસુલ નથુભાઈ તથા આરોપી – શરીફ અલ્લારખા નાંઓને ગુનાનાં કામે અટક કર્યાનું પંચનામુ કરતા સમયે હાજર એવા પંચનામાના પંચસાહેદો પૈકી પંચસાહેદ – બિસ્મીલ્લાખાન બાનાજી મલેક ને આંક–૩૧ થી સોગંદ પર તપાસી તેઓની જુબાની દરમ્યાનમાં આંક–૩૨ થી પંચનામું રીફર કરી રજુ રાખેલ છે પરંતુ સદરહુ પંચસાહેદોની સમગ્ર જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓ રજુ પંચનામાની હકીકતોને લેશમાત્ર સર્મથન કરતા નથી અને ફરી ગયેલા સાહેદો જાહેર થયેલા છે તે જોતા પંચનામાની વિગતો પણ ફરીયાદ પક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે.

**૪૧.** આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા બનાવ તારીખે, સમયે અને સ્થળે હથીયારબંધીનું જાહેરનામુ અમલમાં હોય અને તેનો ભંગ કરતા હાલના આરોપીઓએ હથીયાર ધારણ કરેલ હોય તેવો કોઈ જ પુરાવો રેકર્ડે રજુ થતો નથી કે આ સંબંધે કોઈ જ સાહેદને ફરીયાદ પક્ષ ધ્વારા તપાસવામાં પણ આવેલ નથી.

**૪૨.** આમ, સમગ્ર રેકર્ડ ઉપરના પુરાવાની કરેલ ચર્ચાની હકીકતોએ હાલના આરોપીઓની આ ગુનાના કામે સંડોવણી હોવા બાબતની આંક–૩૭ ની ફરીયાદ હકીકત મુજબની હકીકતો ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ રહેતા નથી. આ કામે તપાસેલ સાહેદોની જુબાની જોતાં ઉપર નોંધ્યા મુજબ આ કામના ઈજા પામનાર સાહેદ – મયુરભાઈ અમથુભાઈ ચાવડા

નાંઓને આરોપી – ઈમરાન ઉર્ફે ચમચી ધ્વારા છરી વડે ઈજા થયેલાનું રેકર્ડ ઉપર આવે છે પરંતુ હાલના કામે સદર આરોપીઓ સામે કોઇ આરોપ નથી અને હાલના કામના આરોપીઓ ધ્વારા કોઈ જ ઈજા ઈજા પામનાર અથવા તો પોલીસ સાહેદોને કરવામાં આવેલ નહીં હોવાનુ રેકર્ડ ઉજાગર થાય છે ત્યારે સમગ્ર પુરાવાઓની હકીકતોએ ફરીયાદ પક્ષ હાલના આરોપીઓ વિરૂધ્ધ ગઇ તા. ૨૯/૦૭/૨૦૨૦ ના કલાક : ૧૮/૧૫ વાગ્યે ગેડીયા ગામની સીમમાં આરોપીઓ નાસતા–ફરતા હોય ધરપકડ ટાળવા સારૂ પોલીસની ટીમ ઉપર હુમલો કરી આરોપી – રસુલભાઇ રથુભાઇ લથવાણી તથા આરોપી – શરીફભાઈ અલ્લારખાભાઈ લથવાણીનાંઓએ પોતાની પાસે રહેલ દેશી તમંચા પોલીસ સામે તાકી ભુંડાબોલી ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ તેમજ બનાવ તારીખે, સમયે અને સ્થળે અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથીયારબંધીનું જાહેરનામું અમલમાં હોવા છતાં તેનો ભંગ કરી હાલના આરોપીઓએ મારક હથીયાર 'તમંચા (દેશી કટ્ટ)' ધારણ કરી અને તેમ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૩૩, ૩૫૩, ૫૦૪, ૫૦૬(૨), ૨૨૪, ૧૧૪, આમર્સ એકટની કલમ – ૨૫(૧)(૧–બી)એ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબનો શિક્ષા પાત્ર ગુનો હાલના આરોપીઓએ આચરેલ હોવાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ રહેતા ન હોય ઉકત મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી તેના પરીણામ સ્વરૂપ ઉકત મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

// **હુકમ** //

(૧) બજાણા પોલીસ સ્ટેશનના ગુના રજી. નં. ૧૧૨૧૧૦૫૮૨૦૦ ૩૪૬/૨૦૨૦ ના કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૩૫(૧) અન્વયે આ કામના આરોપીઓ – ૧) રસુલભાઇ નથુભાઇ લથવાણી તથા ૨) શરીફભાઈ અલ્લારખા લથવાણી, રહે. બંને – ગેડીયા, તા. પાટડી, જી. સુરેન્દ્રનગર નાંઓને ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૦૭, ૩૩૩, ૩૫૩, ૫૦૪, ૫૦૬(૨), ૨૨૪, ૧૧૪, આમર્સ એકટની કલમ – ૨૫(૧)(૧–બી)એ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબના ગુના શિક્ષાપાત્ર ગુનાનાં કામે પુરતા પુરાવાઓના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં

આવે છે.

(૨) આ કામે અન્ય આરોપી – ઇમરાન ઉર્ફે ચમચી ઉર્ફે ભમરીયો જમાલ સિંધી જાતે–ડફેર, રહે. ગેડીયા, તા. પાટડીનાંઓ વિરૂધ્ધ ન્યાયીક ઇન્સાફી કાર્યવાહી પેન્ડીંગ હોય પોલીસે કબજે લીધેલ મુદ્દામાલ સંબંધે કોઇ જ હુકમ કરવામાં આવતો નથી.

(૩) આ કામના બંને આરોપીઓના જામીનખત રદ્દ ગણવા.

(૪) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમય દરમ્યાનના બંને આરોપીએ રુા. ૨૫,૦૦૦/– (અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરાં) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા છ માસની મુદ્દત માટેના અત્રેની અદાલતમાં રજુ રાખવા તેવો હુકમ કરવામાં આવે છે.

(૫) આ હુકમ સંબંધે જરૂરી યાદી સુરેન્દ્રનગર સબ જેલને કરવી.

આ ચૂકાદો આજરોજ તા. ૦૯મી, માહે માર્ચ, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સહી/– એમ.પી.ચૌધરી
(મુકેશકુમાર પ્રતપાપભાઇ ચૌધરી)
યુ.આઇ.સી. જીજે–૦૦૬૫૩,
ત્રીજા એડી. સેસન્સ જજ,
ધ્રાંગધ્રા.

તા. ૦૯/૦૩/૨૦૨૬.
મુા. ધ્રાંગધ્રા.

VV THAKKAR